RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 37* Date: 26.11.2022, Saturday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

કોંગ્રેસના રાજમાં કોમી હુલ્લડો થતા કોંગ્રેસના રાજમાં કૌભાંડો સિવાય કંઈ જ નહોતું :અમિત શાહ

નડિયાદ,તા.૨૫

ગુજરાતમાં આગામી ૫મી ડિસેમ્બરે જ્યાં બીજા ફેઝમાં મતદાન થવાનું છે તે ખેડા જિલ્લાની મહુધા બેઠક પર ભાજપના ઉમેદવાર સંજયસિંહ મહિડાના પ્રચાર્થે યોજાયેલા વિજય સંકલ્પ સંમેલનમાં કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે, નડિયાદ અને મહુધા બેઠકના ભાજપના ઉમેદવારને વિજેતા બનાવવા હું અહીં આવ્યો છું. મહુધાના મતદારોએ નક્કી કરવાનું છે કે આપણો પ્રતિનિધિ કોણ હશે. કમળના નિશાન પર મત આપશો એ આવનારા પાંચ વર્ષ માટે ગુજરાતનું ભાવિ નક્કી કરનારો મત બની રહેશે.

કોંગ્રેસના રાજમાં કોમી હુલ્લડો થતા કોંગ્રેસના રાજમાં કૌભાંડો સિવાય કંઈ જ નહોતું, જ્યારે આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રજાલક્ષી કામો કર્યા,ગરીબોના ઘરમાં વીજળી પહોંચાડવાનું કામ,પીવાનું પાણી પહોંચાડવાનું કામ,ગરીબ પરિવારોમાં બીમારીની ચિંતા દૂર કરવાનું કામ,માં કાર્ડ,પીએમજય યોજના,૧૩૦ કરોડની જનતાને કોરોના સામે સુરક્ષા પુરી પાડવાનું કામ વગરે કામો દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કર્યા છે. કોરોનામાં અને ત્યાર પછી ગરીબોના ઘેર મફત અનાજ આપવાનું કામ પણ ભ્રષ્ટાચાર વિના થયું છે. ગુજરાતમાં સૌથી વધુ મૂડીરોકાણ, સૌથી વધુ સ્ટાર્ટઅપ થાય છે. કરફ્યુ ભૂતકાળ બની ગયો છે. ગુજરાતમાં લોકોનું જીવન ધોરણ ઊંચું આવ્યું છે.

વધુમા ગૃહમંત્રી અમિત શાહે કોંગ્રેસના તૃષ્ટીકરણના રાજકારણને પણ આડે હાથ લીધી હતી. કાશ્મીરમાં ૩૭૦ કલમ હટાવવાનું કામ ભાજપ સરકારની દેન છે.રામ મંદિરનું કામ પણ સુપેરે હાથ ધરાયુ છે. અંબાજી પાવાગઢ,કાશીવિશ્વનાથ, ઉજ્જેન મહાકાલના વિકાસમાં પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સરકારે કામ કર્યું છે.ત્યારે પીએમ નરેન્દ્ર મોદી અને સીએમ ભુપેન્દ્ર પટેલના હાથ મજબૂત કરવા ભાજપના ઉમેદવારને જંગી બહુમતીથી ચૂંટી લાવવા હાકલ કરી હતી.

આ જનસભાને સંબોધતા ગુજરાત પ્રદેશ ભાજપના ઉપ પ્રમુખ ગોરધન ઝાડફિયાએ જણાવ્યું હતું કે ગુજરાતની પ્રજા સ્વાભિમાની છે..અને સ્વાભિમાની જનતા ચૂંટણીમાં જવાબ આપવાનું જાણે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના રાષ્ટ્રપ્રેમ અને પ્રજાલક્ષી કાર્યોથી સહુ વાકેફ છે ત્યારે તેમના વિશ્વાસને મજબૂત કરવા આપણે સહુ ભાજપના ઉમેદવારને ચૂંટી લાવવા હાકલ કરી હતી.

આ બેઠકમાં કેન્દ્રીય સંચાર રાજ્ય મંત્રી દેવુસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે,કેટલાક લોકો ઠાલા વચનો લઈને નીકળ્યા છે,કેટલાક મફત આપવા નીકળ્યા છે..પરંતુ તે લોકોની નજર ગુજરાતની તિજોરી પર છે.એવા લોકોની નજરથી ગુજરાતને બચાવવું છે.આ ગુજરાત ૨૭ વર્ષ પહેલાં કેવું હતું..અને સતત ૨૭ વર્ષ જનતાના આશીર્વાદથી ભાજપની સરકાર ગુજરાતમાં છે.જેમાં જનતાની સુખકારીમાં સતત વધારો થયો છે.માળખાગત સુવિધાઓ વધી છે..નર્મદા યોજનાનું કામ સુપેરે પૂરું થયું એ બધું જ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ સરકારને આભારી છે.

આપણે મહુધા સહિત ખેડા જિલ્લાની તમામ ૬ બેઠકો પર ભાજપનો ભગવો લહેરાય તેવું મતદાન કરવાની આપણી સહુની જવાબદારી છે.આ જનસભામાં મહુધાના ભાજપના ઉમેદવાર સંજયસિંહ મહિડાએ ભાજપ તરફી મતદાન કરવા સહુ મતદારોને અપીલ કરી હતી.આ સંમેલનમાં મુખ્ય દંડક પંકજ દેસાઈએ પણ મહુધાના ઉમેદવાર સંજયસિંહ મહિડાને ચૂંટી લાવી આ બેઠક પર પરિવર્તન લાવવા જનતાને અપીલ કરી હતી

યસ બેંકના કૌભાંડી રાણા કપૂર જેલમાંથી બહાર આવશે, હાઈકોર્ટે જામીન આપ્યા

નવીદિલ્હી,તા.૨૫

દિલ્હી હાઈકોર્ટે આજે યસ બેંકના પૂર્વ એમડી તથા સીઈઓ રાણા કપૂરને જામીન આપી દીધા છે. કપૂરને ૪૬૬.૫૧ કરોડ રૂપિયાના મની લોન્ડ્રીંગ કેસમા ઈડીએ ધરપકડ કર્યા હતા.ઈડી યસ બેંક સાથે જોડાયેલા મની લોન્ડ્રીંગ કેસની તપાસ કરી રહ્યું છે. પૂર્વ એમડી તથા સીઈઓ રાણા કપૂર પર પદનો દુરુપયોગ કરવા અને પોતાના પરિવારને લાભ પહોંચાડવાનો આરોપ છે. આ મામલામાં સીબીઆઈએ માર્ચ ૨૦૨૦માં છેતરપીંડી તથા ગુનાહિત ષડયંત્ર કરવાનો મામલો નોંધ્યો હતો. તેના આધાર પર ઈડીએ તેમના વિરુદ્ધ મની લોન્ડ્રીંગનો કેસ નોંધ્યો છે.સીબીઆઈએ કપૂર તથા અવંતા ગ્રુપના પ્રવર્તક ગૌતમ થાપર વિરુદ્ધ સપ્ટેમ્બરમાં છેતરપીંડીના કેસમાં આરોપ પત્ર દાખલ કર્યું હતું. જો કે, ગત વર્ષે ૨ જૂનના રોજ દાખલ કરેલી અરજીમાં કપૂરનું નામ સંદીગ્ધ રીતે સામેલ નહોતું. ત્યાર બાદ કૌભાંડની તપાસમાં તેમનું નામ ઊછળીને સામે આવ્યું હતું.

માઉન્ટ આબૂ સહિત સમગ્ર રાજસ્થાનમાં શીતલહેર પ્રસરી, આગામી ૪-૫ દિવસમાં દેશભરમાં તાપમાન નીચે જશે

સ્વેટર-ધાબળા કાઢી રાખજો: આવતા અઠવાડીયાથી હાડ થિજવતી ઠંડી પડશે, ૪ મહિના ચમકારો રહેશે

નવીદિલ્હી,તા.૨૫

પહાડો પર થઈ રહેલા બરફવર્ષાની વચ્ચે ફક્ત મૌસમનો મિજાજ જ નથી બદલાયો, પણ દેશના અમુક વિસ્તારોમાં હવે શીતલહેરની પણ શરુઆત થઈ ચુકી છે. દિલ્હી-એનસીઆરથી લઈને યૂપી-બિહારમાં જોરદાર ઠંડી પડી રહી છે. તો વળી રાજસ્થાનમાં પણ શીતલહેરને દસ્તક દઈ દીધી છે. ઉત્તર અને મધ્ય ભારતના મોટા ભાગના વિસ્તારોમાં ઠંડી વધી ગઈ છે અને તાપમાન સતત નીચે જઈ રહ્યું છે. મૌસમ વિભાગનું માનીએ તો, આગામી થોડા દિવસોમાં દેશના મોટા ભાગના વિસ્તારોમાં ન્યૂનતમ તાપમાન ૮-૧૦ ની વચ્ચે રહેવાની શક્યતા છે. હિમાચલ પ્રદેશ, કશ્મીર અને ઉત્તરાખંડના અમુક વિસ્તારોમાં આજે પણ બરફવર્ષા થવાની શક્યતા છે. જ્યારે દક્ષિણ ભારતના અમુક રાજ્યોમાં વરસાદ પણ થશે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી ૫ દિવસ દરમિયન દક્ષિણ પ્રાયદ્વીપીય ભારતમાં હળવાથી મધ્યમ વરસાદ થશે. એટલું જ નહીં આગામી ૪-૫ દિવસ દરમિયાન ઉત્તર પશ્ચિમ અને આજૂબાજૂના મધ્ય ભારતના કેટલાય વિસ્તારોમાં ન્યૂનતમ તાપમાન ૮-૧૦ ડિગ્રી સેલ્સિયસની વચ્ચે રહેવાની સંભાવના છે. આઈએમડી દ્વારા જાહેર કરાયેલા પૂર્વાનુમાન અનુસાર, તમિલનાડૂ, અંડમાન અને નિકોહાર, દક્ષિણી કર્ણાટક અને રાયલસીમા, તેલંગણા, ગોવા અને આંધ પ્રદેશના અમુક ભાગોમાં આજે વરસાદ થશે. તો વળી તાપમાનની વાત કરીએ તો, પૂર્વી ભારતમાં ૨-૩ ડિગ્રી સેલ્સિયસ તાપમાનમાં પણ ઘટાડો જોવા મળશે. તેનો અર્થ એ થયો કે, પૂર્વી ભારતમાં ઠંડીનો પ્રકોપ વધશે.

દેશની રાજધાની દિલ્હીમાં સતત ઠંડી વધતી જાય છે. દિલ્હીમાં ગુરુવારે વાયુ ગુણવત્તા ખરાબ શ્રેણીમાં રહી, જ્યારે ન્યૂનતમ તાપમાન ૮.૪ ડિગ્રી નોંધાયું જે, મૌસમથી સરેરાશ તાપમાનથી ત્રણ ડિગ્રી ઓછું છે. રાજસ્થાનના કેટલાય વિસ્તારોમાં ઠંડી અચાનક વધી ગઈ છે. ફતેહપુર અને ચુરુ વિસ્તારોમાં તાપમાનમાં ખૂબ જ ઘટાડો નોંધાયો છે અને કેટલાય વિસ્તારમાં શીતલહેર જેવી સ્થિતિ જોવા મળી છે. હિમાચલ પ્રદેશના ઉપરી વિસ્તારોમાં બરફવર્ષા ચાલી રહી છે. ઉત્તરાખંડ અને કાશ્મીરમાં આજે પણ બરફવર્ષા થવાની સંભાવના છે. પહાડો પર બરફવર્ષાની અસર મેદાની વિસ્તારમાં જોવા મળી રહી છે. યૂપી અને બિહાર સહિત ઉત્તર અને મધ્ય ભારતમાં ઠંડીમાં વધારો થઈ ગયો છે.

હિમાચલ છોડીને માત્ર ગુજરાતની અંદર ભાજપને ફાયદો કરાવવા માટે આમ આદમી પાર્ટી ચૂંટણી પ્રચાર કરી રહી છે

"એ" અને "બી" ટીમની સંયુક્ત મીલીભગત દેશ અને ગુજરાતની જનતા ઓળખી ગઈ છે: અમરીંદરસિંહ રાજા બ્રાર

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ, રાજીવ ભવન ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખશ્રી બિમલ શાહ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કો-કન્વીનર અને પ્રવક્તાશ્રી હેમાંગ રાવલે સંયુક્ત પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, ભાજપનો ચલ, ચરિત્ર અને ચહેરો ખુલ્લો પડી ગયો છે. ભાજપના જ ૨૦૨૧માં ચૂંટાયેલા કોર્પોરેટર નિરવ જગદીશભાઈ કવીએ પોતાનો ધર્મ છુપાવીને હિંદુ નામથી ચૂંટણી લડી હતી. આ બાબતે તા. ૮-૬-૨૦૨૧ના રોજ ચૂંટણી કમિશ્નર ગાંધીનગર, અમદાવાદ શહેર પોલીસ, નવરંગપુરા પોલીસ ઈસ્પેક્ટરશ્રી અને નવરંગપુરા વોર્ડના ચૂંટણી ઓફિસરને કોંગ્રેસના ઉમેદવાર શ્રી જયકુમાર પટેલ દ્વારા લેખિત ફરીયાદ કરવામાં આવેલ હતી પરંતુ ઉચિત ન્યાય ન મળતા તા. ૨૭-૧૦-૨૦૨૧ ના રોજ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નં. ૨૩માં ફરીયાદ કરેલ હતી.

નવરંગપુરા વોર્ડ ૧૮ના ભાજપના ચૂંટાયેલા કોર્પોરેટર નીરવ જગદીશભાઈ કવી. જેને પોતાનો મુસ્લીમ ધર્મ છુપાવી એક હિન્દુ નામથી ચૂંટણી લડી, પોતાનો સાચો મુસ્લીમ ધર્મ ખબર ના પડે તે માટે ઉમેદવારીપત્રમાં એફીડેવીટમાં પોતાની સાચી જન્મ તારીખ લખેલ નહી અને ખોટી જન્મ તારીખ લખીને ખોટુ હોવાનું જાણવા છતાં ખોટુ સોગંદનામું કરેલ. અને આ ખોટી જન્મ તારીખ ખોટી હોવાનું જાણવા છતાં તેના આધારે પોતાના ચૂંટણીકાર્ડ, આધાર જેવા અતિમહત્વના સરકારી દસ્તાવેજો બનાવી તેનો સરકારી કામમાં ઉપયોગ કરેલ છે. જેની જે ગંભીર પ્રકારનો ગુનો ફરીયાદ અમો ઉપરોક્ત તમામ જગ્યાએ કરેલ પરંતુ અહીથી કોઈ જ કાર્યવાહી ન થતાં. અમો ફરીયાદી ના છુટકે ન્યાય મેળવવા સારું કોર્ટનો સહારો લીધેલ અને અમોને ભારતની ન્યાય પ્રણાલીકા ઉપર પૂરો વિશ્વાસ અને ભરોસો છે. અમોને ચોક્કસ ન્યાય મળશે. જેમાં ફરીયાદી જયકુમાર પટેલે કેસ સાબિત કરવા માટે – નીરવ કવી જે સ્કુલમાં અભ્યાસ કરેલ હતો તેમને સાક્ષી તરીકે સ્કુલ જી.આર. સાહે હાજર રાખીને પુરાવો આપેલો જે પુરાવો નામદાર કોર્ટે તા. ૩-૯-૨૦૨૨ના રોજ પંકજ વિદ્યાલય તેમજ સમર્થ વિદ્યાવિહાર સ્કુલના ઓર્થોરાઈઝ વ્યક્તિ હાજર રહીને પુરાવો રજુ કરેલ જે જોતા તેમા સ્પષ્ટ પણે જણાઈ આવે છે કે. નિરવ જગદીશભાઈ કવીનો ધર્મે – મુસલમાન રાજ કવી મીર છે અને તેની સાચી જન્મ તારીખ ૧-૬-૧૯૭૫ છે. (જુબાની બતાવી રજીસ્ટર) ખોટી જન્મ તારીખ ફોર્મ મુજબ તા. ૧૧-૧૧-૧૯૭૭.

આમ નિરવ જગદીશભાઈ કવી પોતાનો સાચો ધર્મ છુપાવી હિન્દુ બહુમતી ધરાવતા નવરંગપુરા વોર્ડમાંથી ખોટા પુરાવાઓ બનાવી ખોટા હોવાનું જાણાવતા તેનો ઉપયોગ કરી ભ્રષ્ટ આચરણ દ્વારા ચૂંટણી જીતેલ છે જેની સાચી માહિતી નામદાર કોર્ટમાં રજુ થયેલ છે. ઉપરોક્ત બાબતને સંજ્ઞાનમાં લઈને ચૂંટણી પંચે તાત્કાલીક નિરવ કવીને કોર્પોરેટર પદેથી બરખાસ્ત કરીને પોતાની નિષ્પક્ષતા પુરવાર કરવા પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા માંગણી કરવામાં આવી છે.

રાજીવ ગાંધી ભવન ખાતે આયોજીત આ પત્રકાર વાર્તામાં ફરિયાદી જયકુમાર પટેલ, નવરંગપુરા વોર્ડ, લીગલ સેલના ચેરમેનશ્રી કલ્પેશ પટેલ, લીગલ સેલના પદાધિકારીશ્રી અરવિંદ વાણીયા ઉપસ્થિત રહ્યાં હતાં.

હેમાંગ રાવલ
કો-કન્વિનર – પ્રવક્તા
મો. ૯૮૯૮૨૩૩૦૩૮

બિડાણ: નિરવ કવીનું ચૂંટણી સમયનું એફીડેવીટ, આધારકાર્ડ, ચૂંટણીકાર્ડ, નિરવ કવીની શાળા પંકજ સ્કુલ અને સમર્થ વિદ્યા વિહારના સામાન્ય રજી. વય પત્રક તથા સોગંદનામા

અખિલેશ હવે મુખ્યમંત્રી યોગીથી નહીં પરંતુ વડાપ્રધાન મોદી સામે ટક્કર લેશે

લખનૌ,તા.૨૫

વર્ષ ૨૦૨૪ની લોકસભાની ચુંટણી હજુ દુર છે પરંતુ સપા પ્રમુખ અખિલેશ યાદવે તેની તૈયારીઓ શરૂ કરી દીધી છે.કન્નોજ પહોંચેલા અખિલેશ યાદવે જાહેરાત કરી છે કે તે ૨૦૨૪ની ચુંટણી લડશે અને તે પણ કન્નોજની બેઠક ઉપરથી. આથી સ્પષ્ટ થઇ ગયું છે કે અખિલેશ યાદવ આગામી ચુંટણીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ટક્કર આપનાર છે.હકીકતમાં કન્નૌજથી ડિપલ યાદવની હાર અખિલેશ યાદવ હજુ ભુલી શક્યા નથી આવામાં પત્નીને સુરક્ષિત માનવામાં આવનારી મૈનપુરીથી ચુંટણી મેદાનમાં ઉતારી અને હવે કન્નૌજમાં ખુદ ભાજપનો સામનો કરવા માટે તૈયારી બતાવી છે.

હકીકતમાં અખિલેશ યાદવને જયારે પુછવામાં આવ્યું કે તેમણે ડિપલને કન્નૌજથી મૈનપુરી કેમ શિફ્ટ કરી દીધી તો તેમણે કહ્યું કે હવે તે ખુદ કન્નૌજથી ચુંટણી લડશે અત્યાર સુધી એ વાતની ચર્ચા હતી કે અખિલેશ યાદવ વિધાનસભા ચુંટણી માટે લડે પરંતુ તે ઉત્તરપ્રદેશમાં ગૃહની અંદર ભાજપ સરકાર અને ખાસ કરી મુખ્યમંત્રી યોગીની સામે વિરોધ પક્ષનો ચહેરો બની મોજુદ રહ્યાં જેથી સરકારને ઘેરી શકાય પરંતુ હવે તેમણે જે રીતે જાહેરાત કરી કે તે ૨૦૨૪ની ચુંટણી લડશે અને તે પણ કન્નૌજથી તો સ્પષ્ટ થઇ ગયું છે કે તે રાષ્ટ્રીય રાજનીતિને વધુ મહત્વ આપી રહ્યાં છે.સુત્રોના જણાવ્યા અનુસાર અખિલેશ યાદવ આઝમગઢથી શિવપાલ યાદવને ૨૦૨૪ માટે ટિકિટ આપી શકે છે.

ગુજરાત બન્યું પજી સર્વિસથી સજ્જ: રાજ્યના ૩૩ જિલ્લામાં પજી સર્વિસ શરૂ કરાઈ

નવા નેટવર્ક પર હાઈ સ્પીડ ડેટા ઉપરાંત સારી કોલ અને કનેક્ટિવિટી મળશે.

નવીદિલ્હી,તા.૨૫

જિયો ટીઆરયુ મેળવનાર ભારતનું પ્રથમ રાજ્ય ગુજરાત બની ચૂક્યું છે. આજથી એટલે કે ૨૫ નવેમ્બરથી ગુજરાતના તમામ ૩૩ જિલ્લામાં પજ્ની શરૂઆત થઈ ગઈ છે. રાજ્યસભા સાંસદ પરિમલ નથવાણીએ ટ્વીટ કરીને આ વિશે માહિતી આપી છે. તેમણે ટ્વીટમાં ગુજરાતના ૩૩ જિલ્લામાં ૧૦૦% વિસ્તારમાં ટીઆરયુ-પજીમેળવનાર પ્રથમ ભારતીય રાજ્ય બન્યું છે. જિયો એજ્યુકેશન, હેલ્થકેર, એગ્રી, ઈન્ડસ્ટ્રી ૪.૦ અને IOT સેક્ટરમાં #True-5G સંચાલિત પહેલોની શ્રેણી શરૂ કરશે. રિલાયન્સ માટે ગુજરાત ખાસ સ્થાન ધરાવે છે. ત્યારે ગુજરાતના ૩૩ જિલ્લામાં પજી સર્વિસ શરૂ થતાં ગ્રાહકોને મોટો ફાયદો મળનારો છે. જેમાં યૂઝર્સને 'Jio વેલકમ ઑફર' સાથે, યુઝર્સ ૧૬ઍજ સ્પીડ સાથે અમર્યાદિત ૫૨ ડેટા મળશે.

એવું નથી કે પજી નેટવર્ક પર તમને ફક્ત ફાસ્ટ ઈન્ટરનેટ જ મળશે. આ તો સેવાનો માત્ર એક પહેલું છે. પજી નેટવર્ક પર તમને હાઈ સ્પીડ ઈન્ટરનેટ ઉપરાંત સારી ટેલિકોમ સર્વિસિસ અને કોલ કનેક્ટિવિટી મળશે. એટલે કે નવા નેટવર્ક પર હાઈ સ્પીડ ડેટા ઉપરાંત સારી કોલ અને કનેક્ટિવિટી મળશે. બધુ મળીને આ નેટવર્ક પર તમારો ટેલિકોમ એક્સપિરિયન્સ સારો હશે.

અગાઉ પીએમ મોદીએ પ્રગતિ મેદાનથી જે ૮ શહેરોમાં પજી સેવાની શરૂઆત કરાવી તેમાં અમદાવાદ, ગાંધીનગર અને જામનગર પણ સામેલ હતા. અમદાવાદના રોપડા ગામે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની હાજરીમાં લોન્ચિંગ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. મુખ્યમંત્રી ઉપરાંત રિલાયન્સ કંપનીના અધિકારીઓ, રાજ્ય સરકારના ઉચ્ચ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

ભારતમાં પજી રોલ આઉટના પહેલા તબક્કામાં જે શહેરોને સામેલ કરાયો હતો તેમાં અમદાવાદ, નવીદિલ્હી, ગાંધીનગર, ગુરુગ્રામ, બેંગલુરુ, ચંડીગઢ, ચેન્નાઈ, હૈદરાબાદ, જામનગર, કોલકાતા, લખનઉ, મુંબઈ અને પુણે શહેરો સામેલ હતા. આ શહેરોમાં રહેતા લોકોને પજીના ફાયદા અનુભવવાની તક સૌથી પહેલા મળશે.

પજી યૂઝ કરવા માટે તમારે નવા સિમ કાર્ડની હાલ જરૂર નહીં પડે. તમે તમારા જૂના સિમ પર જ નવી સેવા યૂઝ કરી શકશો. જો કે તે માટે તમારા ફોનમાં પજી સપોર્ટ હોવો જરૂરી છે. પજી સપોર્ટ ઉપરાંત તેમાં તે બેન્ડ્સ હોવા પણ જરૂરી છે જેના પર સર્વિસ ઉપલબ્ધ હશે. ભારતમાં લોન્ચ થયેલા અનેક મોબાઈલ પજી સ્પેક્ટ્રમ હરાજી પહેલાના છે. આવામાં તમારે ચેક કરી લેવું જોઈએ કે તમારા ફોનમાં કયા કયા બેન્ડ્સ મળે છે અને તમારા ઓપરેટર કયા બેન્ડ્સ પર સર્વિસ પ્રોવાઈડ કરશે.

તંત્રી સ્થાનેથી...

કોંગ્રેસનો યુ-ટર્ન

આર્થિક રૂપે કમજોર વર્ગો માટે દસ ટકા અનામતને યોગ્ય ઠેરવવાના સુપ્રીમ કોર્ટના નિર્ણય વિરુદ્ધ કોંગ્રેસનાં નેતા જયા ઠાકુરે પુનર્વિચાર અરજી દાખલ કરીને એ સ્પષ્ટ કરી દીધું કે પાર્ટીએ આ વિષય પર યુ-ટર્ન લઈ લીધો છે અને તે હજુ અસમંજસથી ગ્રસ્ત છે. આર્થિક રૂપે કમજોર વર્ગોના અનામત પર સુપ્રીમ કોર્ટનો ચુકાદો આવતાં જે પક્ષોએ તેનું સ્વાગત કર્યું હતું, તેમાં કોંગ્રેસ મુખ્ય હતી. તેણે આ ચુકાદાનું સ્વાગત પણ કર્યું હતું અને આર્થિક રૂપે કમજોર વર્ગો માટે દસ ટકા અનામત આપવાની મોદી સરકારની પહેલનું શ્રેય પણ લીધું હતું. કોંગ્રેસ મહાસચિવ જયરામ રમેશે કહ્યું હતું કે આ અનામતમાં કોંગ્રેસની મહત્ત્વની ભૂમિકા છે અને તે મનમોહન સરકાર દ્વારા પ્રારંભ કરવામાં આવેલી પ્રક્રિયાનું પરિણામ છે. જયા ઠાકુરની અરજી એ દર્શાવે છે કે કોંગ્રેસ સુપ્રીમ કોર્ટના ચુકાદા પર ન માત્ર તમિલનાડુમાં પોતાના સહયોગી પક્ષ દ્રમુકના વલણ સાથે સહમત છે, પરંતુ તેનાથી પણ આગળ નીકળવાની હોડમાં છે. યાદ રહે કે દ્રમુકે સુપ્રીમ કોર્ટના નિર્ણયનો એમ કહી વિરોધ કર્યો હતો કે આ સામાજિક ન્યાયથી વિરુદ્ધ છે. તેણે એમ પણ કહ્યું હતું કે તે આ નિર્ણય વિરુદ્ધ પુનર્વિચાર અરજી દાખલ કરશે. આ બાબતે દ્રમુક દ્વારા બોલાવવામાં આવેલ સર્વપક્ષીય બેઠકમાં કોંગ્રેસે ભાગ પણ લીધો હતો અને તેમાં સૂર પણ પૂરાવ્યો હતો.

કોંગ્રેસી નેતાની પુનર્વિચાર અરજીથી એવું લાગે છે કે કોંગ્રેસ સુપ્રીમ કોર્ટનો દરવાજો ખટખટાવવા મામલે દ્રમુકથી આગળ નીકળતાં દેખાવા માંગતી હતી. આર્થિક રૂપે કમજોર વર્ગો માટે દસ ટકા અનામતના ચુકાદાનું સ્વાગત કરનારી કોંગ્રેસ જે રીતે થોડા દિવસોની અંદર જ એ નિષ્કર્ષ પર પહોંચી ગઈ કે ઉપરોક્ત નિર્ણય સામાજિક ન્યાયની વિરુદ્ધ છે, તેનાથી એ પ્રશ્ન ઊઠવો સ્વાભાવિક છે કે આખરે ગરીબ વર્ગોને રાહત આપવી સમાજિક ન્યાય અથવા સમાનતાની વિરુદ્ધ કઈ રીતે કહી શકાય? શું આ નિષ્કર્ષનો કોઈ ઠોસ આધાર હોઈ શકે કે જાતિગત અનામત તો સર્વથા યોગ્ય છે, પરંતુ આર્થિક અનામત અયોગ્ય? જેમને પણ એવું લાગતું હોય કે આર્થિક રૂપે કમજોર વર્ગોને રાહત અને છૂટ આપવી સમાનતાની વિરુદ્ધ કરાતું કામ છે, તેમણે સામાજિક ન્યાયની પોતાની પરિભાષાને ફરીથી પરખવાની જરૂર છે. એ જોવું દયનીય છે કે જ્યારે કોશિશ એ થવી જોઈએ કે અનામતના એવા આધાર બનેલા જેનાથી આર્થિક-સામાજિક રૂપે સમસ્ત પછાત લોકોને નીર-ક્ષીર રીતે આધાર આપી શકાય, ત્યારે આર્થિક રૂપે કમજોર વર્ગો માટે દસ ટકા અનામતવાળા બંધારણ સંશોધન વિધેયક અને તેને યોગ્ય ઠેરવનાર સુપ્રીમ કોર્ટના નિર્ણયનો વિરોધ કરાઈ રહ્યો છે અને એ પણ ત્યારે, જ્યારે તેનાથી જાતિગત અનામત પર કોઈ અસર નથી પડવાની.

કેજરીવાલ આમ આદમી પાર્ટીને એક એડવર્ડટાઈઝ કંપનીની જેમ ચલાવી રહ્યાં છે: અમરીંદરસિંહ રાજા બ્રાર

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ, રાજીવ ભવન ખાતે પંજાબ પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ, પૂર્વ મંત્રી, ધારાસભ્યશ્રી અમરીંદરસિંહ રાજા બ્રાર એ પત્રકાર વાર્તાને સંબોધતા જણાવ્યું હતું કે, આમ આદમી પાર્ટીએ ભાજપની બી ટીમ છે અને તેઓ હિમાચલ છોડીને માત્ર ગુજરાતની અંદર ભાજપને ફાયદો કરાવવા માટે ચૂંટણી પ્રચાર કરી રહ્યાં છે. પંજાબના મુખ્યમંત્રી અહીં વારંવાર આવે છે, પંજાબથી કરોડો રૂપિયાની જાહેરાતો કરાઈ રહી છે, પંજાબથી ચૂંટણી પ્રચાર માટે પેઈડ વર્કર મોકલવામાં આવી રહ્યાં છે. આજ પ્રમાણે દિલ્હીની અંદર પણ કેજરીવાલ સરકાર માત્રને માત્ર ખોટા વાયદાઓનો વેપાર કરી રહી છે. દિલ્હીની ચૂંટણી વખતે એમ કહેવામાં આવ્યું હતું કે, પંજાબના લીધે દિલ્હીમાં પ્રદુષણ થાય છે અને અમે આ પ્રદુષણની સમસ્યાનું સમાધાન કરી દીધુ છે. દિલ્હીમાં સફાઈ ઉપર ૬૮ લાખ રૂપિયા ખર્ચવામાં આવે છે અને તેની જાહેરાત માટે ૨૩ કરોડ રૂપિયા ખર્ચવામાં આવે છે. આજે દિલ્હીમાં પ્રદુષણની સમસ્યાના લીધે શ્વાસ લેવો પણ મુશ્કેલ છે. કેજરીવાલ આમ આદમી પાર્ટીને એક એડવર્ડટાઈઝ કંપનીની જેમ ચલાવી રહ્યાં છે. આજે પંજાબમાં લો એન્ડ ઓર્ડરની સ્થિતી ૮૦ના દસક જેવી થઈ ગઈ છે. સિધુ મુસેવાલાની જાહેરમાં હત્યા કરવામાં આવી, હિંદુત્વવાદી નેતાની હત્યા કરવામાં આવી. કાળી માતાના મંદિર ઉપર હુમલો કરવામાં આવ્યો અને આજે આઈ.બી.ના કાર્યાલય ઉપર હેન્ડ ગ્રેનેડ હુમલો કરવામાં આવે છે. દિલ્હીનો ગેંગસ્ટર લોરેન્સ બીશનોઈ તિહાડ જેલમાંથી ૨ હજાર ગુન્ડાઓના નેટવર્કથી આખુ ખંડણીનું ગેરકાયદેસર તંત્ર ચલાવી રહ્યો છે. આજ વ્યક્તિના માણસોએ સિધુ મુસેવાલાની હત્યા કરી હતી. પંજાબમાં છેલ્લા ૨૧ દિવસમાં ૧૯ મર્ડર થયા છે. આજે હવે પંજાબમાં આઝાદીના નારા અને ખાલિસ્તાનના નારા પણ લગાવી રહ્યાં છે. મને પણ ઈન્દિરા ગાંધીની જે રીતે હત્યા થઈ હતી તે રીતે મારી નાખવાની ધમકી આપવામાં આવી છે. આજે પંજાબના વેપારીઓને ગુંડાઓ કનડી રહ્યાં છે અને તેમની જાનની સુરક્ષા માટે તેઓ ૧૦ થી ૨૦ લાખની ખંડણી ચુકવી રહ્યાં છે. જે પ્રમાણે આ બધી બાબતો પર પંજાબ પોલીસ નિષ્ક્રીય છે એ જ રીતે કેન્દ્રીય એજન્સીઓ પણ આંખ આડા કાન કરી રહી છે. "એ" અને "બી" ટીમની આ મીલી ભગત દેશની સુરક્ષા માટે ખુબજ ખતરનાક છે.

પંજાબમાં ચૂંટણી ટાણે કેજરીવાલે જણાવ્યું હતું કે, ૧ એપ્રિલ પછી એકપણ ખેડૂત આત્મહત્યા નહી કરે પરંતુ છેલ્લા બે મહિનામાં ૨૭ ખેડૂતોએ આત્મહત્યા કરી છે. તેમણે મગદાળ ઉપર એમ.એસ.પી. આપવાની વાત કરી હતી પરંતુ ૮૩ ટકા મગ એમ.એસ.પી.થી નીચેના ભાવે ખેડૂતોને વેચવા પડયાં. પંજાબમાં મુખ્યમંત્રી આવાસ સહિત દરેક શહેરોમાં ખેડૂતો પોતાની માંગણી

માટે ધરણા કરી રહ્યાં છે. ગુરુગ્રંથ સાહેબનું અપમાન કરવામાં આવી રહ્યું છે અને તેમના મંત્રી એમ કહી રહ્યાં છે કે ધાર્મિક બાબતો પર કઈ બોલી શકાય નહીં. ચૂંટણી દરમ્યાન એક દિકરીએ ટાંકી ઉપર ચઢીને પોતાની નોકરી કાયમી કરવા માટે વિરોધ નોંધાવેલ હતો તે દિકરીને આશ્વાસન આપવામાં આવેલ હતુ કે, કોન્ટ્રાક્ટ પધ્ધતિ નાબુદ કરીને દરેકને નોકરી માટે કાયમી કરવામાં આવશે પરંતુ આજે ફરીથી એજ દિકરી પોતાની ન્યાયીક માંગણી માટે ટાંકી ઉપર ચઢીને વિરોધ નોંધાવી રહી છે. પંજાબથી નજીકના રાજ્યોમાં બાય ઈલેક્શન થયા ત્યા આમ આદમી પાર્ટીની કારમી હાર થઈ છે. કેજરીવાલે પંજાબમાં વચન આપ્યું હતું કે, ૧૮ વર્ષથી ઉપરની દરેક બહેનોને માસિક રૂ. ૧૦૦૦ ભથ્થુ આપવામાં આવશે. આ વાત પણ એક જુમલો જ સાબિત થઈ. આમ આદમી પાર્ટીની છેલ્લા આઠ મહિનાની સરકારમાં એકપણ બહેનને રૂ. ૧૦૦૦ની સહાય આપવામાં આવેલ નથી. કોંગ્રેસની સરકાર દર મહિને ૨૦૦ યુનિટ અને બે મહિનાના બિલમાં ટોટલ ૪૦૦ યુનિટ ફ્રી આપતી હતી કે જેમાં સાત કિલો વોટ સુધીના મીટર કે જે પંજાબમાં ૯૫ ટકા લોકોને આવરી લે છે. તેમને યુનિટ દીઠ ત્રણ રૂપિયા સબસીડીનો લાભ મળતો હતો. હવે જ્યારે કેજરીવાલે માસિક ૩૦૦ યુનિટ મફત આપવાની વાત કરી છે તે માત્ર એવા લોકો માટે છે કે જેમનું બિલ ૩૦૦ યુનિટથી નીચે આવતુ હોય તેમને જ તેનો લાભ મળે છે. જો નક્કી કરેલ યુનિટથી વધારે બીલ આવે તો આ યોજનાનો લાભ આપવામાં આવતો નથી. જો ટેક્ષ બધા ચુકવતા હોય તો શા માટે લાભ દરેકને નહીં.

કેજરીવાલે ડ્રગ્સ બાબતે એમ કહ્યું હતું કે બે જ દિવસમાં અમે ડ્રગ્સની સમસ્યાનું સમાધાન કરી દઈશું. આજે પંજાબમાં નાના બાળકો પણ ડ્રગ્સ લઈ રહ્યાં છે અને ડ્રગ્સનો વેપાર ફુલ્યો ફાલ્યો છે. કોરોના કાળમાં દિલ્હીમાં જ્યારે હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ધ્વસ્થ થઈ ગયું હતું ત્યારે પંજાબમાં કોંગ્રેસની સરકાર હતી અને દિલ્હીથી કોરોનાના દર્દીઓ સારવાર લેવા માટે આવતા હતા. આજે પંજાબમાં મહોલ્લા ક્લીનીકના નામે આરોગ્ય વ્યવસ્થાને સંપૂર્ણ મુશ્કેલીમાં મુકી દેવામાં આવી છે. ૧૦૦ જેટલા મહોલ્લા ક્લીનીકમાં ડોક્ટરો છોડીને જતા રહ્યાં છે. કોંગ્રેસ સરકાર વખતના ગ્રામ્ય દવાખાનાઓની સેવાઓ પણ કથળી રહી છે. કોંગ્રેસની સરકારમાં પંજાબ દિલ્હી કરતા પણ શિક્ષણમાં નંબર વન હતું. પરંતુ આજે શિક્ષણની પરિસ્થિતિ પણ વણસી રહી છે.

કેજરીવાલને તેમના વાયદાઓ માટે રૂપિયા ક્યાંથી લાવસો તે પુછવામાં આવ્યું હતું ત્યારે એમ કહ્યું હતું કે, ૨૦,૦૦૦ કરોડ તો હું માત્ર ખાણ વિભાગમાંથી જ લાવીને બતાવીશ. અત્યારે માઈનીંગથી એક પણ રૂપિયો સરકારને આવક થઈ નથી. ઉલટાનુ પંજાબ સરકારે ૧૨૦૦૦ કરોડનું વધારાનું દેવુ લેવુ પડ્યું છે. લગભગ રોજના બે કરોડ જાહેરાત માટે ખર્ચાય છે. કેજરીવાલની સિક્યુરીટી માટે પંજાબના ૯૦ સિક્યુરીટી ગાર્ડ ફાળવવામાં આવ્યાં છે. જ્યારે કેજરીવાલને વાય કક્ષાની સિક્યુરીટી પહેલાથી જ મળી રહી છે. જે મંત્રીને ભ્રષ્ટાચારના આરોપ હેઠળ પકડવામાં આવ્યો હતો અને આમ આદમી પાર્ટીએ વાહવાહી લીધી હતી તે જ મંત્રી પુરાવાના અભાવે જામીન મેળવીને આમ આદમી પાર્ટીના કાર્યક્રમોમાં દેખાઈ રહ્યો છે. શહિદ ભગતસિંહના નામે મત મેળવ્યા પરંતુ ભગતસિંહ મેમોરીયલના બીલો પણ ચૂકવાતા નથી અને કર્મચારીઓને પગાર પણ થતો નથી. પંજાબ પ્રદેશ કોંગ્રેસ સમિતિએ ભગતસિંહ મેમોરીયલના બે લાખ રૂપિયાના બીલની ચુકવણીની જાહેર તૈયારી બતાવી ત્યારે ના છુટકે સરકારે તેનુ બીલ ભર્યું હતું. આજે પંજાબ સરકાર પાસે એક હેલિકોપ્ટર છે. સરકારને પગાર ચુકવવા અને પેન્શન કરવા માટે પણ લોન લેવી પડે તેવી પરિસ્થિતિ હોય છતાં પણ એરક્રાફ્ટ લેવા માટે ટેન્ડર બહાર પડાયુ છે.

આજે સમગ્ર ગુજરાતમાં ભાજપ વિરોધી વાતાવરણ છે, મંદી, મોંઘવારી અને બેરોજગારીથી ગુજરાતની સાડા છ કરોડની જનતા ત્રસ્ત છે ત્યારે ભારતીય જનતા પાર્ટીની બી ટીમ એટલે કે આમ આદમી પાર્ટી માત્રને માત્ર ભાજપને મદદ કરવા માટે ગુજરાતમાં કાર્ય કરી રહી છે. ગુજરાતની જનતાને આમ આદમી પાર્ટીનો સાચો ચહેરો દર્શાવવા હું પંજાબથી અહિં આવ્યો છું. અરવિંદ કેજરીવાલ ચિઠ્ઠીમાં કોંગ્રેસને આટલી સીટો મળશે તેવું લખીને ભ્રહ્મ ફેલાવી રહ્યાં છે પરંતુ ભાજપને કેટલી સીટો મળશે તે નથી લખતા તે જ સાબિત કરે છે કે આ "એ" અને "બી" ટીમની સંયુક્ત મીલીભગત છે. દેશ અને ગુજરાતની જનતા જુઠ્ઠાણા અને ઝુમલેબાજોને ઓળખી ગઈ છે.

રાજીવ ગાંધી ભવન ખાતે આયોજીત પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કો-કન્વિનર અને પ્રવક્તાશ્રી હેમાંગ રાવલ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખશ્રી બિમલ શાહ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તાશ્રી પાર્થીવરાજ કઠવાડીયા, શ્રી રત્નાબેન વોરા, યુવક કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તાશ્રી કપીલ દેસાઈ ઉપસ્થિત રહ્યાં હતાં.

હેમાંગ રાવલ
કો-કન્વિનર - પ્રવક્તા
મો. ૯૮૯૮૨૩૩૦૩૮

છેલ્લા અઢી દાયકાથી ગુજરાતમાં ભાજપનું શાસન છે

રોટલાં પણ તાવડી ઉપર એક જ તરફ રાખીએ તો તે બળી જાય છે.તો તે બળી જાય છે. સરકાર બદલવા માટે પરિવર્તન જરૂરી છે: રાજીવ શુકલા

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ, રાજીવ ગાંધી ભવન ખાતે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના હિમાચલ પ્રદેશ પ્રભારી અને રાજ્યસભા સાંસદશ્રી રાજીવ શુકલાએ પત્રકાર પરિષદને સંબોધન કરતા જણાવ્યું હતું કે, છેલ્લા અઢી દાયકાથી ગુજરાતમાં ભાજપનું શાસન છે. રોટલાં પણ તાવડી ઉપર એક જ તરફ રાખીએ તો તે બળી જાય છે. સરકાર બદલવા માટે પરિવર્તન જરૂરી છે. ગુજરાતની સાથે સાથે હિમાચલ પ્રદેશની જનતાએ પણ સરકાર બદલવાનું નક્કી કરી દીધું છે.

છત્તીસગઢમાં ગાય તથા અન્ય પશુઓના છાણના ૨ રૂપિયા કિલો ચુકવાઈ રહ્યાં છે જ્યારે પશુમુત્રના ૪ રૂપિયા લીટર દીઠ ચુકવાઈ રહ્યાં છે. જે પશુ દુધ નથી આપી શકતા તેને પણ તેના માલિકો સાચવી રહ્યાં છે અને રખડતા ઢોરોનો પ્રશ્ન પણ હલ થઈ ગયો છે. આ યોજના ગુજરાતમાં પણ લાવવામાં આવશે.

સરકાર પણ આ યોજનાથી નફો મેળવી રહી છે. છાણના દ્વારા વર્મી કંપોઝ કરી તેમાંથી ઓર્ગેનિક ખાતર બનાવીને અનેક ઘણો નફો મેળવી રહી છે એ જ પ્રમાણે ગૌ મુત્ર સાથે જડીબુટ્ટી મિલાવીને પેસ્ટ્રીસાઈઝ બનાવી રહી છે જે ૧૭ રૂપિયા લીટર વેચાઈ રહ્યું છે. છત્તીસગઢ સરકારના મુખ્યમંત્રીએ એક રસપ્રદ કિસ્સો જણાવ્યો હતો કે, ક્લાસ-૨ સરકારી મહિલા કર્મચારીએ એક નાના ગામના પશુપાલન અને છાણના ધંધાદારી સાથે લગ્ન કર્યા ત્યારે પુછવામાં આવ્યું તો જાણ થઈ કે ગામડામાં રહેતા આ પશુપાલકનું ૯૦ લાખ રૂપિયા વાર્ષિક ટર્નઓવર છે. કોંગ્રેસની જયાં જયાં પણ સરકાર રહી છે ત્યાં ગામડાની અર્થવ્યવસ્થા વધુ મજબુત બની છે. કોંગ્રેસ જે કહે છે તે કરે છે, યુ.પી.એ. સરકાર વખતે ૭૦ હજાર કરોડ રૂપિયાનું ખેડૂતોનું દેવુ માફ કરવામાં આવ્યું હતું. મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને રાજસ્થાનમાં સરકાર બનતાની સાથે જ પહેલી કેબિનેટમાં ખેડૂતોના દેવા માફીનો નિર્ણય લેવામાં આવ્યો. રાજસ્થાન અને છત્તીસગઢ એ સરકારી કર્મચારી માટે જુની પેન્શન સ્કીમ (ઓ.પી.એસ.) અમલમાં મુકી છે. મનરેગાની આ જ લોકો મજાક કરતા હતા જ્યારે આજે તે વિશ્વની સૌથી વધારે રોજગારી આપતી સફળ સરકારી યોજના તરીકે વખણાઈ રહી છે. ભારતીય જનતા પાર્ટીએ તો આકાશના તારા સાથે મંગળ અને શુક્ર ગ્રહ પણ લાવી આપીશું તેવી વાતો કરી હતી. ૪૦ રૂપિયે લીટર પેટ્રોલ, ૧૫ લાખ રૂપિયા લોકોના ખાતામાં નાખવા, ૨ કરોડ લોકોને રોજગારી જેવા અનેક ખોટા વાયદાઓ કરીને જનતાને છેતરી રહી છે. ભાજપ ૫૦ રૂપિયાનું કામ કરે અને ૫૦૦ રૂપિયાનો પ્રચાર કરે છે. ગુજરાત અને દેશની જનતા એ હવે નક્કી કરી લીધું છે કે, સારી અર્થવ્યવસ્થા માટે, સારી રોજગારી મેળવવા માટે, મોંઘવારી ઓછી કરવા માટે અને સુશાસન માટે જો કોઈ યોગ્ય પક્ષ હોય તો તે માત્ર કોંગ્રેસ છે.

એમસીએક્સ પર કોટનનો વાયદો ગાંસડીદીઠ રૂ.૨૯૦ ગબડ્યો: મેન્થા તેલના ભાવમાં સુધારો

સોનાનો વાયદો રૂ.૧૪૩ અને ચાંદીનો વાયદો રૂ.૩૫૫ નરમ: ક્રૂડ તેલમાં રૂ.૧૧૬ની વૃદ્ધિ: નેચરલ ગેસ ઢીલુ: પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ. ૯૦૮૭ કરોડ અને ઓપ્શન્સમાં રૂ. ૭૦૩૬ કરોડનું ટર્નઓવર : બુલડેક્સ વાયદામાં રૂ. ૩૪ કરોડનાં કામકાજ

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં શુક્રવારે પ્રથમ સત્ર સુધીમાં ૧,૯૯,૫૪૭ સોદાઓમાં કુલ રૂ.૧૬,૧૫૬.૪૬ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ. ૯૦૮૬.૬૭ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૭૦૩૬.૨૫ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૭૯,૮૪૧ સોદાઓમાં કુલ રૂ.૪,૯૯૬.૫૪ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૨,૬૬૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૨,૭૫૦ અને નીચામાં રૂ.૫૨,૪૨૫ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૪૩ ઘટી રૂ.૫૨,૫૨૮ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની નવેમ્બર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૦૯ ઘટી રૂ.૪૨,૭૨૧ અને ગોલ્ડ-પેટલ નવેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૬૯ વધી રૂ.૫,૨૩૪ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૨,૫૫૦ના ભાવે ખૂલી, રૂ.૧૦૪ ઘટી રૂ.૫૨,૩૯૦ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૨,૦૨૭ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૨,૧૨૬ અને નીચામાં રૂ.૬૧,૩૫૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ. ૩૫૫ ઘટી રૂ.૬૧,૬૩૮ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ. ૧૫૫ ઘટી રૂ.૬૧,૮૨૩ અને ચાંદી-માઈક્રો નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૧૬૪ ઘટી રૂ.૬૧,૮૧૪ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૯,૭૨૯ સોદાઓમાં રૂ.૧,૫૧૬.૮૨ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ નવેમ્બર વાયદો ૧ કિલોદીઠ રૂ.૧.૪૫ વધી રૂ.૨૦૫.૭૦ અને જસત નવેમ્બર વાયદો રૂ.૨.૯૫ વધી રૂ.૨૬૩ના ભાવ થયા હતા. આ સામે તાંબુ નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૬.૨૫ વધી રૂ.૬૭૭.૨૫ તેમ જ સીસું નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૦.૮૦ વધી રૂ.૧૮૩ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૩૧,૭૬૪ સોદાઓમાં કુલ રૂ.૨,૫૨૦.૮૩ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ડિસેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૬,૪૨૪ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૫૫૨ અને નીચામાં રૂ.૬,૪૧૫ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૧૧૬ વધી રૂ.૬,૫૩૬ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ નવેમ્બર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૭.૨૦ ઘટી રૂ.૫૮૦.૩૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૫૯૩ સોદાઓમાં રૂ.૫૨.૪૮ કરોડનાં કામકાજ થયા હતા. કોટન નવેમ્બર વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૩૩,૩૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૩૩,૮૫૦ અને નીચામાં રૂ.૩૨,૭૬૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૯૦ ઘટી રૂ.૩૨,૮૮૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં નવેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૯.૬૦ વધી રૂ.૯૫૫.૩૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૨૧૨.૬૬ કરોડનાં ૪,૧૯૭.૩૧૩ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૨,૭૮૩.૮૮ કરોડનાં ૪૪૪.૭૦૬ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૮૮૮.૭૦ કરોડનાં ૧૩,૭૦,૦૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૧,૬૩૨ કરોડનાં ૨૬૮૧૬૨૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૪૭.૮૧ કરોડનાં ૧૪૯૦૦ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૪.૬૭ કરોડનાં ૪૮.૬ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૯,૩૫૬.૪૩૪ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૮૨૦.૧૩૦ ટન, ક્રૂડ તેલમાં ૧૫૮૮૦૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૯૧૩૭૫૦૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૮૬૭૦૦ ગાંસડી, મેન્થા તેલમાં ૪૫૬.૮૪ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૩૩.૫૪ કરોડનાં ૪૫૮ લોટ્સ ના વેપાર થયા હતા. બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૧૪,૬૯૩ના સ્તરે ખૂલી, ૫૦ પોઈન્ટ ઘટી ૧૪,૬૪૩ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર ૭.૭,૦૩૬.૨૫ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪૫૩.૮૯ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૬૮.૭૧ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫,૨૯૯.૦૭ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૨૧૩.૧૭ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ. ૨૮૭.૬૬ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં ક્રૂડ તેલ ડિસેમ્બર રૂ.૬,૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૩૨૫.૧૦ ખૂલી, ઊપરમાં રૂ.૩૬૮.૫૦ અને નીચામાં રૂ.૩૦૯ રહી, અંતે રૂ.૪૪.૧૦ વધી રૂ.૩૬૨.૧૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ડિસેમ્બર રૂ.૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૫૬ ખૂલી, ઊપરમાં રૂ.૫૬.૮૫ અને નીચામાં રૂ.૪૯.૨૦ રહી, અંતે રૂ.૫.૭૦ ઘટી રૂ.૫૧.૯૦ થયો હતો. સોનું જાન્યુઆરી રૂ.૫૫,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૭૫ ખૂલી, ઊપરમાં રૂ.૨૯૧.૫૦ અને નીચામાં રૂ.૨૩૦ રહી, અંતે રૂ.૩૨ ઘટી રૂ.૨૩૩ થયો હતો. ચાંદી ફેબ્રુઆરી રૂ.૬૫,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨,૦૯૦ ખૂલી, ઊપરમાં રૂ.૨,૦૯૦ અને નીચામાં રૂ.૧,૮૪૪.૫૦ રહી, અંતે રૂ.૧૭૨.૫૦ ઘટી રૂ.૧,૯૦૨.૫૦ થયો હતો. સોનું-મિની ડિસેમ્બર રૂ.૫૩,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૬૨૧ ખૂલી, ઊપરમાં રૂ.૬૫૦ અને નીચામાં રૂ.૫૫૦ રહી, અંતે રૂ.૨૭ ઘટી

તા.૨૫/૧૧/૨૦૨૨ના રોજ નરોડા ખાતે જાહેરસભાનો કાર્યક્રમ દરમ્યાન ટ્રાફિક તમામ પ્રકારના વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત/ડાયવર્ઝન નક્કી કરતું પોલીસ કમિશ્નર, અમદાવાદ

તા.૨૫/૧૧/૨૦૨૨ના રોજ અમદાવાદ શહેરમાં નરોડા ખાતે એક જાહેરસભાનો કાર્યક્રમ યોજાનાર છે. જે કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકો ભાગ લેવા સારું પધારનાર છે. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે મોટા પ્રમાણમાં અને મર્યાદિત સમયમાં વાહનો સાથે આવતા લોકો તથા આમ જનતા વચ્ચે વાહનોની અવરજવર અને ટ્રાફિક પ્રવાહ સરળતાથી પસાર થાય, કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમ જ વાહન પાર્કિંગ કરવાની પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ ફરમાવવા હું સંજય શ્રીવાસ્તવ, આઈપીએસ, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને મળેલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯

વિજય સંકલ્પ સંમેલન અંતર્ગત દેશના યશસ્વી વડાપ્રધાન અને વૈશ્વિક નેતાશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે દહેગામ ખાતે જનસભાને સંબોધી

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, ગુજરાત વિધાનસભા ચૂંટણી અંતર્ગત જનતાને રાજ્યમાં વિવિધ વિકાસના કાર્યોનો હિસાબ આપવા તેમજ ઉમદેવારની જીત માટે વિજય સંકલ્પ સંમેલન થકી દેશના યશસ્વી વડાપ્રધાન અને વૈશ્વિક નેતાશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે દહેગામ ખાતે જનસભાને સંબોધી હતી.

પ્રધાનસેવક અને વૈશ્વિક નેતા શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે સંબોધનની શરૂઆતમાં દહેગામની જનતા વિશાળ સંખ્યામાં જાહેરસભામાં ઉપસ્થિત રહ્યા તે માટે અભિનંદન પાઠવતા જણાવ્યું કે, દેહગામની જનતાએ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહી વટ પાડી દીધો.આ દેશ અમૃત કાળમાં પ્રવેશ્યો છે ત્યારે આગામી ૨૫ વર્ષ દેશમાટે અમૃત કાળ સમાન છે અને અમૃત કાળની અંદર આ પહેલી ચૂંટણી છે આ ચૂંટણી પાંચ વર્ષ માટે નથી, આ ચૂંટણી ૨૫ વર્ષ પછી ગુજરાત કેવું હશે તેનો નિર્ણય કરશે.

શ્રી મોદી સાહેબે વધુમાં જણાવ્યું કે, પહેલાનો એક સમય હતો કે ચૂંટણીમાં ભ્રષ્ટાચારની વાતો થાય, જાતિવાદની વાતો થાય, પરિવારવાદની વાતો થાય , રસ્તા-વિજળી-પાણી-આરોગ્યના મુદ્દાની વાતો થાય પરંતુ ગુજરાતે છેલ્લા ૨૦ વર્ષમાં જે સર્વાંગી વિકાસ કર્યો છે તેના કારણે ગુજરાત આવા સંકટોમાંથી બહાર નિકળી ગયું છે. ૨૦ થી ૨૫ વર્ષ પહેલા ગુજરાતમાં મૂળભૂત સુવિધાના વિકાસ માટે કામ કર્યુ આજે દેશમાં એક અગ્રણી રાજ્ય તરીકે નામના મેળવી છે. આજે ગુજરાતમાં ૨૪ કલાક વિજળી મળી રહી છે. એક સમય હતો કે પહેલા પાણી પુરુ પાડવા ટેકર મંગાવવું પડતું, હેન્ડપંપથી પાણી કાઢવું પડે અને ટેકરમાં પાણી માટે પણ કટકી થતી આવી સમસ્યાથી ગુજરાતને બહાર કાઢી ઘરે-ઘરે નળથી જળ પહોંચાડ્યું છે. આજે ગુજરાતમાં સરદાર સરોવર ડેમ, સુજ્જલામ સુફલામ, ચેકડેમ, ખેતતલાવડી,અમૃત સરોવરનું કામ કરવામાં આવ્યું છે. ગામડે-ગામડે રસ્તાઓ સારા બન્યા છે, ઓપ્ટિકલ ફાયબર પહોચાડ્યા છે. વર્ષ ૨૦૧૪માં અર્થવ્યવસ્થામાં ૧૦માં નંબરે હતા પણ ૮ વર્ષ પછી આજે ભારતની અર્થવ્યવસ્થા પાંચમાં નંબરે છે.

શ્રી મોદી સાહેબે વધુમાં જણાવ્યું કે, ગુજરાતમાં વર્ષ ૨૦૦૧-૦૨માં જ્યારે ભાજપ સરકારે કામ શરૂ કર્યુ ત્યાર પછી આજે ૧૪ ગણી અર્થવ્યવસ્થા મજબૂત થઈ છે. ૨૦ થી ૨૫ વર્ષ પહેલા પંચાયતોનું બજેટ આખા ગુજરાતનું ૧૦૦ કરોડ હતું. આજે સાડા ત્રણ હજાર કરોડ રૂપિયા છે, ભારત સરકાર સિધા રૂપિયા મોકલે તે અલગ. ગુજરાતના ગામડામાં હવે શહેરો જેવી સુવિધા મળે તે દિશામાં કામ કરવામાં આવ્યું. આ ગાંધીનગર જિલ્લામાં હવે ગામડું અને શહેરને જુદા કરવું અલગ છે. હવે એ દિવસ દુર નહી હોય કે ગાંધીનગર અને દેહગામ ટ્વીન સીટી હશે, ગાંધીનગર અને કલોલ ટ્વીન સિટી હશે અને દહેગામ,કલોલ અને ગાંધીનગર આખા ગુજરાતની આર્થિક ગતી વિધીને મજબૂત કરનારું મોટું કેન્દ્ર બનશે.

શ્રી મોદી સાહેબે ગાંધીનગર ગીફ્ટ સિટીના મહત્વ અંગે જણાવ્યું કે, ગીફ્ટ સીટી દુનિયાનું મોટું કેન્દ્ર બની રહ્યું છે. ગીફ્ટ સિટી માં અંદાજે ૨ લાખ લોકો કામ કરતા હશે તે બધા રહેવા કલોલ આવે કે દેહગામ આવશે. હું દિલ્હીમાં બેઠો હોઉ અને મારા ગુજરાતીઓના આશિર્વાદ મળે તો વિકાસના કામ ઝડપથી જ થાય કે ન થાય? વિકાસ કરવા ગાંધીનગર જીલ્લાના બધા કમળ ખીલવવાની જવાબદારી આપ સૌની છે. આજે શિક્ષણ ક્ષેત્રે જે સુધારા થયા છે તેનો લાભ આખા ગુજરાતને થયો છે. ગુજરાતમાં શિક્ષણનું બજેટ દોઢ હજાર કરોડ

આગામી ૨૫ વર્ષ દેશમાટે અમૃત કાળ સમાન છે અને અમૃત કાળની અંદર આ પહેલી ચૂંટણી છે આ ચૂંટણી પાંચ વર્ષ માટે નથી, આ ચૂંટણી ૨૫ વર્ષ પછી ગુજરાત કેવું હશે તેનો નિર્ણય કરશે.– શ્રી નરેન્દ્રભાઈ મોદી

રૂપિયા હતું આજે એ વધીને ૩૩ હજાર કરોડ રૂપિયા છે. ગુજરાતનું જે હાલનું શિક્ષણ બજેટ છે તેટલું તો ઘણા રાજ્યોનું આખા રાજ્યનું બજેટ નથી. ભાજપની સરકારે શિક્ષણને આધુનિક,વૈજ્ઞાનિક બનાવવાનું કામ કર્યુ. ગાંધીનગરમાં એક એવી વ્યવસ્થા વિકસીત થઈ છે જેમાં સંસ્કાર પણ છે અને શિક્ષણ તેમજ સ્કીલ પણ છે ગાંધીનગર આજે શિક્ષણનું મોટુ ધામ બન્યું છે. ૨૦ વર્ષ પહેલા ગાંધીનગરમાં હાયર સેકેન્ડરીની ૮૦ જેટલી શાળા હતી આજે ૩૦૦ છે, ૨૦ વર્ષ પહેલા ગાંધીનગરમાં એન્જિનયરિંગ ડિગ્રીની ૭ હજારથી વધુ બેઠકો છે. ૨૦ વર્ષ પહેલા એન્જિયરિંગ અને ડિપ્લોમાની સીટો ૨૦૦ આસપાસ હતી આજે ૫ હજારે પહોંચી છે. આજે ગાંધીનગરમાં દુનિયાની એક મોટી ચિલ્ડ્રન યુનિવર્સિટી ગાંધીનગરમાં છે. આજે દુનિયાની એક માત્ર ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી ગાંધીનગરમાં છે.ગુજરાતની નેશનલ લો યુનિવર્સિટી આજે ગાંધીનગરમાં છે. દહેગામ પાસે રાષ્ટ્રીય રક્ષા શક્તિ બનવામાં આવી છે તે દહેગામ-ગાંધીનગર તેમજ ગુજરાતનું ગૌરવ બનશે. દુનિયાના સમૃદ્ધ દેશોની બરાબરીમાં ગુજરાતને લઈ જવું છે. આ બધુ કોણ કરશે તેમ જનતાને સવાલ કર્યો....

શ્રી મોદી સાહેબે વધુમાં જણાવ્યું કે, એક સમય હતો કે ગાંધીનગર રેલ્વે સ્ટેશન પર કાગડા ઉડતા હતા આજે ગાંધીનગરનું રેલ્વે સ્ટેશન જોવા દુનિયાભરના લોકો આવે છે. ગુજરાતના લોકો સ્પીડ,સ્કેલ નો ઉપયોગ કરે. દિલ્હીમાં નરેન્દ્ર હોય અને ગાંધીનગરમાં ભુપેન્દ્ર હોય અને ડબલ એન્જિન લાગ્યા હોય ત્યારે ગુજરાત વિકાસમાં આગળ જ આવે. કોંગ્રેસના લોકો આ ચૂંટણીમાં આવશે અને કહેશે કે નરેન્દ્રભાઈ તો આવા છે... તેવા છે... પણ કોંગ્રેસને ગતાગમ જ નથી કે ગુજરાતની આવતીકાલ કેવી હોવી જોઈએ. આજે મહિલા સશક્તિકરણના કામો શરૂ થયા છે હવે આર્મી,નેવી અને એરફોર્સમાં આપણી દિકરીઓ જાય છે. ગુજરાતમાં વિકાસનું કોઈ ક્ષેત્ર એવું નહી હોય કે વિકાસના કોઈ ક્ષેત્રને સ્પર્શ નહી કર્યો હોય. અંતમાં શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે કહ્યું કે આપણે વિકસીત ગુજરાત માટે કામ કરી રહ્યા છીએ ત્યારે જૂના બધા રેકોર્ડ તોડી ૧૦૦ ટકા મતદાન કરાવી કમળ ખીલાવવાનું છે અને વિકાસને સમર્થન કરવાનું છે.

વિજય સંકલ્પ સંમેલનમાં નાયબ મુખ્યમંત્રીશ્રી નીતીનભાઈ પટેલ, સાંસદશ્રી હસમુખભાઈ પટેલ, પ્રદેશ અને જિલ્લાના હોદ્દેદારો અને ગાંધીનગર જિલ્લાના ઉમેદવારો ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ યજ્ઞેશ દવે
(પ્રદેશ મીડિયા કન્વીનર)

જેના ઘેર તુલસીને ગાય તેને ઘેર વૈદ્ય ન જાય

કામધેનું એટલે ઈચ્છા પૂરી કરનારી ગાયમાતા. કામ એટલે ઈચ્છા અને ધેનુ એટલે ગાય. કામધેનુ એ સમુદ્રમંથન વખતે નીકળેલાં ચૌદ રત્નમાંનું એક રત્ન છે, જેનામાં કલ્પવૃક્ષની જેમ યાચકની સર્વ ઈચ્છા પૂરી કરવાની શક્તિ હતી. જેમ દેવોમાં વિષ્ણુ, નદીઓમાં ગંગા શ્રેષ્ઠ છે તેમ ગાયમાં કામધેનું શ્રેષ્ઠ છે. કામધેનું ગાયની પુત્રી નંદિની પણ તેની માફક વરદાયિની છે. પુરાણો અનુસાર કામધેનુ એ દિવ્ય ગાય છે, જેનું દૂધ અમૃત સમાન મનાય છે. તેના વિષે એમ કહેવાય છે કે આ ગાય બ્રહ્મચારી હોવા છતાં તે દૂધ આપે છે અને જ્યારે ઈચ્છા થાય ત્યારે તેને દોહી શકાય તેવી વિશિષ્ટતા છે.

કામધેનુ સાથે ઘણી પૌરાણિક કથાઓ જોડાયેલી છે. પરશુરામના પિતા જમદગ્નિના આશ્રમમાં કામધેનુ હતી, જેના પ્રતાપે તેમની પાસે પ્રતાપી શક્તિ હતી. આ કામધેનુનું અપહરણ કરનાર હજાર હોયગાળા સહસ્ત્રાર્જુનનો પરશુરામે સંહાર કરી કામધેનુને આઝાદ કરી હતી. મહર્ષિ વશિષ્ઠના આશ્રમમાં 'શબલા' નામની કામધેનું હતી. વિશ્વામિત્રએ કામધેનુની શક્તિ જોઈને તેની માગણી કરી. શિષ્ટ ના પાડતાં યુદ્ધ થયું, જેમાં વિશ્વામિત્ર હાર્યા. રઘુવંશની પ્રગતિના મૂળમાં રહેલ દિલીપરાજા પાસે 'નંદિની' નામની કામધેનુ હતી.

ગાયમાં હું કામધેનુ છું એવું શ્રીમદ્ ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણે કહ્યું છે. "શ્રી કૃષ્ણલીલા" માં ગૌચરણનું મહત્ત્વ બતાવ્યું છે. શ્રીકૃષ્ણ ભગવાને જાતે ગૌ-પૂજા કરી ટચલી આંગળી પર ગોવર્ધન પર્વત ધારણ કર્યો હતો ત્યારે કામધેનુએ પોતાના દૂધથી ભગવાનનો અભિષેક કર્યો હતો.

ચાર પ્રકારની ગાય છે – કામધેનુ, કપિલા, સુરભિ અને કવલી. ગીરગાય, બ્રાઝીલની કામધેનુ સિદ્ધ થઈ છે. વિદેશી જર્સી ગાય કરતાં ભારતીય ગાય વધુ સાત્ત્વિક હોય છે. આજના યુગમાં કામધેનુ ના હોય, પરંતુ ગાય માત્રને કામધેનુ ગણવી જોઈએ. સોલા ભાગવત વિદ્યાપીઠની ગૌશાળામાં રોજ સાંજે ગાયની આરતી થાય છે. દિવાળી અને મકરસંક્રાંતિમાં ગાયને ઘાસ ખવડાવવાનું, તેનું પૂજન કરવાનું એ ગૌસેવાનું મહાત્મ્ય છે. વ્યક્તિગત અને સામૂહિક રીતે ધાર્મિક, સામાજિક સંસ્થાઓ દ્વારા ગાયનું સંવર્ધન થાય તે ખૂબ જરૂરી છે.

વૈદિક ભારતીય સંસ્કૃતિની પરંપરા પ્રમાણે ગાયનું મુખ્ય સ્થાન લોકોનું આંગણું છે અને ત્યાં જ ગાય કામધેનું છે. જેને ઘેર તુલસી ને ગાય તેને ઘેર વૈદ્ય ન જાય. તેના દૂધ દ્વારા પોષક તત્ત્વો મળે છે. તે આરોગ્યનું રક્ષણ કરે છે અને ખેતી માટે બળદ પણ આપે છે. ચરકસંહિતા, સુશ્રુતસંહિતા તેમજ અન્ય ગ્રંથ જેમકે વાગ્ભટ્ટસંહિતા મુજબ ઔષધિઓ બનાવવા માટે પંચગવ્યને મહત્ત્વ આપ્યું છે, તેના છાણમાં લક્ષ્મીજીનો વાસ હોય છે. જ્યારે ગોમૂત્રમાં ભગીરી ગંગા વહે છે. ગાયનાં છાણાને બાળવાથી વાતાવરણ શુદ્ધ થાય છે માટે અગ્નિહોત્રમાં ગાયના છાણાનો ઉપયોગ થાય છે.

મહાભારતમાં કહ્યું છે કે કોઈપણ વ્યક્તિ કોઈપણ વિષયનું વાંચન ગાયની પાસે બેસીને કરે તેને તે વિષય આત્મસાત્ થઈ જાય છે, કારણ કે ગાય હંમેશા ભાવ તરંગો છોડતી રહે છે એને લીધે આપણું મન સ્થિર, સંયમમાં રહે છે. ગાય સામે મળે તે શુકન કહેવાય. ગાયની આંખમાંથી નીકળતાં આંસુ અપશુકન કહેવાય. મૃતક પાછળ ગાયનું દાન સર્વશ્રેષ્ઠ ગણાય છે જે મૃતકને વૈતરણી નદી પાર કરવામાં સહાયક બને છે તેવું માનવામાં આવે છે. ગાયના પૂંછડાની પૂજા કરવામાં આવે છે. મૃત્યુ બાદ શબને ગાયના છાણનું લીંપણ કરી, તેની ઉપર સૂવડાવવામાં આવે છે જેથી વ્યક્તિ અનેક પ્રકારના પાપમાંથી મુક્તિ મેળવી દેવલોકને પ્રાપ્ત કરે છે.

કામધેનુ એટલે મનોકામના પૂરી કરનારી એક કલ્પિત ગાય, યથાર્થ ગીતામાં કહ્યું છે કે, કામધેનું કોઈ એવી ગાય નથી જે દૂધની જગ્યાએ મનપસંદ વાનગી પીરસતી હોય. વસ્તુતઃ 'ગો' ઈન્દ્રિયોને કહેવામાં આવે છે. ઈન્દ્રિયો પરનું નિયંત્રણ ઈષ્ટને વશમાં રાખનારમાં હોય છે. જેની ઈન્દ્રિયો ઈશ્વરમાં સ્થિર થઈ જાય છે તેને કશાની જરૂર રહેતી નથી. તે જ સાચા અર્થમાં કામધેનુ છે. પ્રાર્થના કામધેનુ છે. જેનાથી નિર્ભયતા અને આત્મશુદ્ધિ થાય છે. ભક્તિ, વિદ્યા અને કર્મ કામધેનુ સમાન છે, એને દોતા આવડે તો આનંદરૂપી દૂધ મળે છે. ગીતાને કામધેનુ કહે છે. ગીતાનું દોહન કરનારને તમામ સમસ્યાનું સમાધાન થઈને ઈશ્વર પ્રાપ્તિ થાય છે.આપણી ગાયમાતા એ આપણી પરંપરા છે.

એંઠવાડો ઉલેચતી અને કચરો કે પ્લાસ્ટિક ખાતી, રઝળતી અને કત્તલખાને કપાતી ગાયનું રક્ષણ કરવું એ દરેક ભારતીય નાગરિકની ફરજ છે. ગૌસેવાના દિવડા પ્રગટી, અજવાળાં રેલાય તે જ જરૂરી છે. કામધેનુ સ્વરૂપ ગૌમાતાને આપણાં વંદન.

'વંદે ગૌ માતરમ્'

સરસ્વતી ફાર્મસી કૉલેજ ની ૦૩ વિદ્યાર્થીનીઓએ જીટીયુ માં ટોપટેન માં સ્થાન મેળવ્યું.

ગાંધીનગરઃ ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી, અમદાવાદ દ્વારા સપ્ટેમ્બર ૨૦૨૨ માં લેવાયેલી બી.ફાર્મ સેમેસ્ટર -૦૨ અને ફાર્મ.ડી ફર્સ્ટ યર ની પરીક્ષા નું પરિણામ તાજેતર માં જાહેરાત થયું હતું. જેમાં સરસ્વતી ઈન્સ્ટીટ્યૂટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સ, ધનપ, ગાંધીનગર ની ૦૩ વિદ્યાર્થીનીઓએ ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી કક્ષા એ ટોપટેન માં સ્થાન મેળવી સંસ્થા તેમજ ગાંધીનગર ને ગૌરવ અપાવ્યું છે. આ પરીક્ષા માં બી.ફાર્મ સેમેસ્ટર -૦૨ ની વિદ્યાર્થીની શુક્લા પૂર્વા એ 9.89 CPI (10.00 SPI) સાથે સમગ્ર રાજ્ય માં પહેલો ક્રમ અને ફાર્મ.ડી ફર્સ્ટ યર ની વિદ્યાર્થીનીઓ અનુક્રમે પંચાલ જહાન્વી તેમજ દેવાંશી પટેલ એ 9.65 CPI (9.65SPI) મેળવી સમગ્ર રાજ્ય માં નવમો અને દસમો ક્રમ મેળવ્યો હતો. આ સિધ્ધી બદલ વિદ્યાર્થીનીઓને પ્રેસિડેન્ટ શ્રી કે.જી.પટેલ, આચાર્ય ડૉ.અંકિત ચૌધરી તથા સ્ટાફ મિત્રો એ અભિનંદન પાઠવ્યા હતા.

૧૫૦૦ જેટલા કોંગ્રેસના આગેવાનો અને કાર્યકર્તાઓ કોંગ્રેસને રામ રામ કરી ઢોલ નગારા સાથે સરઘસ કાઢી ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ કાર્યાલય કમલમ્ ખાતે પહોંચ્યા હતાં.

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મિડીયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, આજરોજ કરણી સેનાના પ્રમુખ શ્રી રાજ શેખાવત અને પાસના આગેવાનો અને એન.એસ.યુ.આઈ.ના શ્રી જયેશભાઈ પટેલ, શ્રી ઉદયભાઈ પટેલ, શ્રી સુરજભાઈ ડેર, શ્રી રવિભાઈ પટેલ, શ્રી રવિભાઈ વેકરીયા સહીત ૧૫૦૦ જેટલા કોંગ્રેસના આગેવાનો અને કાર્યકર્તાઓ કોંગ્રેસને રામ રામ કરી ઢોલ નગારા સાથે સરઘસ કાઢી ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ કાર્યાલય કમલમ્ ખાતે પહોંચ્યા હતાં

કરણી સેનાના પ્રમુખ શ્રી રાજ શેખાવતજી અને પાસના આગેવાનો તેમજ એન.એસ.યુ.આઈ.ના શ્રી જયેશભાઈ પટેલ, શ્રી ઉદયભાઈ પટેલ, શ્રી સુરજભાઈ ડેર, શ્રી રવિભાઈ પટેલ, શ્રી રવિભાઈ વેકરીયા સહીત

અને ત્યાં ભારતીય જનતા પાર્ટી પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલ સાહેબના નૃતૃત્વમાં ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ મહામંત્રીશ્રી પ્રદિપસિંહજી વાઘેલાની આગેવાનીમાં આ તમામ કાર્યકર્તાઓને ભારતીય જનતા પાર્ટીનો ખેસ અને ટોપી ધારણ કરાવી ભાજપામાં પ્રવેશ કરાવ્યો હતો.

ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ મહામંત્રીશ્રી પ્રદિપસિંહજી વાઘેલાએ જણાવ્યું હતું કે, સામાજીક એકતાના મંત્ર સાથે કામ કરતી કરણી સેના અને પ્રદેશ કોંગ્રેસના આગેવાનો તેમજ પાસના આગેવાનો મોટી સંખ્યામાં ભારતીય જનતા પાર્ટી પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલ સાહેબનું નેતૃત્વ સ્વિકારી તેમજ ભારતીય જનતા પાર્ટીની વિકાસ વાદની રાજનીતિ સ્વિકારી આજે ભારતીય જનતા પાર્ટીમાં જોડાઈ રહ્યાં છે ત્યારે હૃદયપૂર્વક તેમનું સ્વાગત કરૂં છું.

શ્રી પ્રદિપસિંહજી વાઘેલાએ વધુમાં જણાવ્યું હતું કે, આગામી સમયમાં ભારતીય જનતા પાર્ટીમાં જોડાતા આ તમામ આગેવાનોની શક્તિનો ઉપયોગ આગમી સમયમાં કરવામાં આવશે. દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ અને રાજ્યના મૂદુ અને મક્કમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબના નેતૃત્વ વાળી ભાજપા સરકારમાં અનેક વિધ વિકાસ કાર્યો હાથ ધરાયા છે. ગુજરાતમાં આગામી સમયમાં યોજાનારી ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં મતદાન થવા જઈ રહ્યું છે ત્યારે ૮મી ડિસેમ્બર રોજ જાહેર થનાર ચૂંટણીમાં પરિણામોમાં ભારતીય જનતા પાર્ટીમાં આજે જોડાતા કાર્યકર્તાઓ શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ અને શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબના હાથ મજબૂત કરવા માટે આજથી જ કામે લાગી જવા અપીલ કરી હતી. કરણીસેનાના પ્રદેશ અધ્યક્ષ શ્રી રાજ શેખાવતે જણાવ્યું હતું કે, કરણીસેના વર્ષ ૨૦૧૭થી સામાજીક કામ અર્થે કાર્ય કરી હતી ત્યારે આજે કરણીસેના

એક ડગલુ આગળ વધી દેશની સૌથી મોટી પાર્ટી ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા છીએ.

આગામી સમયમાં પણ કરણીસેના લાખો કાર્યકર્તા ભાજપાની વિકાસવાદની રાજનીતિને સ્વિકારી સમાજ કાર્ય અને દેશહિતના કાર્યો કરી શકે તે હેતુસર કમલમ્ આવી જોડાવાના છે. કરણીસેના અને પાસના આગેવાનો સામે જે કેસો થયાં છે તે આંદોલન વખતે થયાં છે પરંતુ કરણીસેના અને પાસના આગેવાનોને ભારતીય જનતા પાર્ટી સામે કોઈ દ્વેષ ભાવ ન હોઈ અને ભાજપા હંમેશા સત્તાના માધ્યમની સેવાના કાર્યો કરતી હોવાથી અમૈ સૌ ભારતીય જનતા પાર્ટી ને જ સમર્થન કરીએ છીએ અને કરવાના છીએ. અત્યાર સુધી પક્ષના કાર્યકર્તા સિવાય સમર્થન કરતાં હતાં અને હવે પક્ષ કાર્યકર્તા તરીકે સમર્થન કરી દેશ સેવા અને સમાજ સેવા માટે અત્યારથી જ કામે લાગી ભારતીય જનતા પાર્ટીના સૌથી વધુ કમળ સૌથી વધુ લીડ સાથે ગુજરત વિધાનસભામાં મોકલી આપવા એડી ચોટીનું જોર લગાવવા જઈ રહ્યાં છીએ. કરણીસેનાના પ્રમુખ શ્રી રાજભા શેખાવત અને પાસના આગેવાનોના ભારતીય જનતા પાર્ટીમાં જોડાવા સમયે ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ મહામંત્રીશ્રી પ્રદિપસિંહ વાઘેલા તેમજ રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગના મંત્રીશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા ઉપસ્થિત રહ્યાં હતાં.

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર)

કોંગ્રેસને ગુજરાતના તમામ લોકોનો હૃદયપૂર્વક પ્રેમ, સમર્પણ અને આશીર્વાદ આપવા બદલ સૌ ગુજરાતીઓનો હું કોંગ્રેસ પક્ષ વતી આભાર માનું છુઃ શક્તિસિંહ ગોહિલ

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ, રાજીવ ગાંધી ભવન ખાતે અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના પ્રવક્તા અને રાજ્યસભાના સાંસદશ્રી શક્તિસિંહ ગોહિલે પત્રકાર પરિષદને સંબોધન કરતા જણાવ્યું હતું કે, કોંગ્રેસ પક્ષના નેતાઓ અને કાર્યકર્તાઓ સમગ્ર ગુજરાતમાં કોંગ્રેસની વાત લઈને ફરી રહ્યાં છે ત્યારે ગુજરાતના તમામ લોકોનો હૃદયપૂર્વક પ્રેમ, સમર્પણ અને આશીર્વાદ આપવા બદલ તમામ ગુજરાતીઓનો હું કોંગ્રેસ પક્ષ વતી આભાર માનું છું. ગુજરાતનું ડી.એન.એ. એ ડેવલોપમેન્ટ છે. બીજા દેશોમાં જ્યારે હિંમત ન હતી ત્યારે આફ્રીકા અને યુરોપમાં પણ ગુજરાતીઓ કોઈપણ પ્રકારની અદ્યતન સગવડ વિના, જી.પી.એસ. વિના વહાણવટુ કરીને વેપાર કરતા હતા. આવા ઉદ્યમી ગુજરાતીઓએ ગુજરાત બનાવ્યું છે. ભાજપ કહે છે કે, ગુજરાત મેં બનાવ્યું છે, અંધભક્ત કહે છે કે મેં અને નરેન્દ્ર મોદીએ ગુજરાત બનાવ્યું છે. હકીકતમાં તો ગુજરાતની જનતા એમ કહે છે કે ભાજપવાળા ગુજરાતને 'બનાવી' ગયા. ભાજપે ગુજરાતને છેતર્યું છે અને કેવી રીતે બનાવ્યું છે તેને સાબિત કરવા માટે એક દાખલો અહી રજુ કરું છું. ભાજપ કહે છે કે અમે મફત વેક્સિનેશન આપ્યું અને વડાપ્રધાનશ્રી મોદી તેમની દરેક સભાઓમાં વેક્સિનેશનની વાત કરી રહ્યાં છે. ગુજરાતની અંદર મફત વેક્સિનેશનના નામે ખુબ જ મોટું કૌભાંડ આચરવામાં આવ્યું છે આ સાથે નવ પાનાનો એક રેકર્ડ રજુ કરેલ છે કે જેમાં વેક્સિનેશન મેળવેલ વ્યક્તિઓના નામ, જન્મ તારીખ, સિરીયલ નંબર, વોટર આઈ.ડી. અને વેક્સિનેશન સેન્ટર તથા મોબાઈલ નંબર નો ડેટા ઉપલબ્ધ છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ડેટામાં દર્શાવેલ નામો સામે એક સરખી સીરીઝના મોબાઈલ નંબર અને વણિક, મુસ્લિમ, દલિત અને અન્ય જ્ઞાતિના દરેક લાભાર્થીઓ સામે માત્ર એકસરખા મોબાઈલ નંબર દર્શાવવામાં આવેલ છે. (૬૦૦૦૦૩૬૨૫) આવા કૌભાંડનો ડેટા માત્ર એક પબ્લીક હેલ્થ સેન્ટરમાં નહીં પરંતુ અનેક પી.એસ.સી. સેન્ટરમાં દર્શાવાયેલ છે. ભાજપે મફત વેક્સિનેશનના નામે આખા ગુજરાતને બનાવ્યું (છેતર્યું) છે. અત્યારે જે ડેટા પત્રકારશ્રી સમક્ષ રજુ કરવામાં આવ્યો છે તે ડેટા પણ હાલમાં લોક કરી દેવામાં આવેલ છે. આખા ગુજરાતમાં વેક્સિનેશનના નામે એક મોટુ કૌભાંડ આચરાયું છે. પ્રધાનમંત્રીશ્રીની જન્મ તારીખે દેશમાં નંબર વન વેક્સિનેશન થાય એના માટે જે કર્મચારીઓ પર દબાણ કરવામાં આવ્યું હતું તેનું આ પરિણામ છે. વેક્સિનેશન અપાઈ નથી પરંતુ કરોડો રૂપિયા વેક્સિનેશનના સરકારે કંપનીઓને ચુકવી દીધા છે. જનતાએ ભાજપ પર વિશ્વાસ મુક્યો પરંતુ ભાજપે ભય મુક્ત ભ્રષ્ટાચાર કર્યો. ભરોસાની ભેંસના સ્લોગન માત્ર હોર્ડિંગ્સ ઉપર છે. ગુજરાતના લોકોએ સારો વહીવટ કરવા માટે જે ભેંસને ખુબ ઘાસ ખવડાવ્યું, માવજત કરી અને આ ભરોસાની ભેંસે પાડી આપવાના બદલે ભય, ભુખ અને ભ્રષ્ટાચારનો પાડો આપ્યો કે જેને ખેતીના કામમાં ન જોતરી શકાય, ના વેચી શકાય કે ના ગાડે જોડી શકાય. કોંગ્રેસ પક્ષ માંગણી કરે છે કે, આ વેક્સિનેશન કૌભાંડની હાઈકોર્ટ અથવા સુપ્રિમ કોર્ટના સીટિંગ જજ દ્વારા તપાસ કરવામાં આવે અને ગુજરાત અને દેશના દરેક લોકો પોતાનું વેક્સિનેશન ક્યારે થયું છે. તે ડેટા ઓનલાઈન જોઈ શકે તે માટે ઓનલાઈન વ્યવસ્થા કરવામાં આવે તે તમામ ડેટા પબ્લિક ડોમિનમાં મૂકે. શ્રી શક્તિસિંહ ગોહિલે પત્રકારશ્રીના પ્રશ્નનો જવાબ આપતા જણાવ્યું હતું કે, નર્મદા યોજના એ ગુજરાતની જીવાદોરી છે. નર્મદા મુદ્દે કોંગ્રેસે કદાપી રાજકારણ નથી કર્યું. કોંગ્રેસ સરકારમાં હું નર્મદા વિભાગનો મંત્રી

ટીએમસીના ૩૦ ધારાસભ્યો ભાજપના સંપર્કમાં : ભાજપના ધારાસભ્યનો દાવો

કોલકતા,તા.૨૫

પશ્ચિમ બંગાળમાં આગામી મહીને એટલે કે ડિસેમ્બરમાં મોટો ખેલા થશે.ભાજપ ધારાસભ્ય અગ્નિમિત્રા પોલે આ દાવો કર્યો છે પોલે દાવો કર્યો છે કે ટીએમસીના ૩૦થી વધુ ધારાસભ્યો ભાજપના સંપર્કમાં છે તેમણે કહ્યું કે ડિસેમ્બર બાદ રાજ્યમાં ટીએમસીની સરકાર તુટી પડશે.એ યાદ રહે કે અગ્નિમિત્રા પોલે એવા સમયે આ દાવો કર્યો છે જ્યારે વિરોધ પક્ષના નેતા શુભેદુ અધિકારી છેલ્લા કેટલાક સમયે એ દાવો કરતા આવ્યા છે કે ડિસેમ્બરમાં ટીએમસીની સરકાર રહેશે નહીં અધિકારી બાદ હવે ભાજપ ધારાસભ્યે આ દાવો કર્યો છે. અગ્નિમિત્રા પોલે કહ્યું કે ડિસેમ્બરમાં બંગાળમાં મોટો ખેલા થશે ૩૦થી વધુ ટીએમસી ધારાસભ્ય ભાજપના સંપર્કમાં છે.ટીએમસી ધારાસભ્યો જાણે છે કે ડિસેમ્બર બાદ તેમની સરકાર લાંબો સમય ચાલશે નહીં આવામાં તેમનું અસ્તિત્વ દાવ પર છે.પોલે કહ્યું કે હું એક સાધારણ નેતા છું અમારૂ હાઈકમાન્ડ અને વિરોધ પક્ષના નેતા કહે છે કે જે રીતે રાજ્ય ચાલી રહ્યું છે સરકાર ડીએ આપી શકતી નથી વળતર કરવામાં અસમર્થ છે નોકરી મળી રહી નથી આ અમારા હાઈકમાન્ડના નેતૃત્વ અને વિરોધ પક્ષના નેતાએ પોતાના રાજનીતિક અનુભવથી કહી રહ્યાં છે અમે જે સાંભળી રહ્યાં છે તેનાથી ડિસેમ્બરમાં કંઈક થનાર છે.આ પહેલા શુભેદુ અધિકારીએ દાવો કર્યો હતો કે ડિસેમ્બર બાદ રાજ્યમાં ટીએમસી સરકારનું અસ્તિત્વ રહેશે નહીં અને પ્રદેશમાં વિધાનસભાની ચુંટણી લોકસભા ચુંટણીની સાથે ૨૦૨૪માં થશે તેમણે કહ્યું હતું કે કેટલાક મહીના રોકાઈ જાવ આ સરકાર બંગાળમાં સત્તામાં રહેશે નહીં મારી વાત માની લોકો આ વર્ષ ડિસેમ્બર સુધી બંગાળમાં ટીએમસી સરકાર સત્તામાં રહેશે નહીં એ યાદ રહે કે ગત કેટલાક મહીનામાં અધિકારી વારંવાર દાવો કરી રહ્યાં છે .

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય પ્રવક્તા શ્રી સંબિત પાત્રાએ મિડીયા સેન્ટર ખાતે પત્રકાર પરિષદને સંબોધી હતી

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, ઉપલેટા તાલુકાના કોંગ્રેસી અગ્રણીઓ કોંગ્રેસ સાથે છેડો ફાડી આજે ગાંધીનગર પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે ભાજપમાં જોડાયા જેમાં ભાયાવદર નગર પાલિકાના પ્રમુખશ્રી નયન જીવાણી તેમજ નગર પાલિકાના ચેરમેનશ્રી વિજયભાઈ ગામી, નગરપાલિકા આરોગ્ય સમિચિના ચેરમેનશ્રી કૈલાશભાઈ માકડીયા, નગરપાલિકાના વિજળી સમિતિના ચેરમેનશ્રી અશ્મીતાબેન ડઢાણિયા, કારોબારી સભ્યશ્રી બીરાભાઇ બટ્ટ તેમજ સહકારી મંડળીના હોદેદારશ્રીઓમાં પ્રમુખશ્રી નટવરભાઈ મારસોણિયા, ઉપપ્રમુખશ્રી જીતેન્દ્ર માકડિયા, કારોબારી સભ્યશ્રીઓ શ્રી દિલિપભાઈ ભાલોડિયા શ્રી માધવીબેન ભૂત, વિનોદરાય ગામી, પૂંજાભાઈ ચાવડા સહિત ભાયાવદર પાંજરાપોળના હોદેદારશ્રીઓ મોટી સંખ્યામાં પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર. પાટીલ સાહેબના વરદ હસ્તે ખેસ અને ટોપી ધારણ કરી ભાજપમાં જોડાયા છે.

ગુજરાતના સપૂત અને દેશના યશસ્વી વડાપ્રધાનશ્રીએ સાબરમતી નદી અને આ નદી ઉપર બનાવવામાં આવેલ રીવરફ્રન્ટ જોઈને તેમની મહેનત અને તેમની વિકાસયાત્રાના દર્શન કરવાનો અવસર મેળવી ધન્યતા અનુભવું છે – શ્રી સંબિત પાત્રા

ગુજરાતના મોઢેરા શહેરમાં બનાવવામાં આવેલ સૌર ઉર્જાના પ્લાન્ટની સમગ્ર વિશ્વમાં ચર્ચા કરવામાં આવે છે – શ્રી સંબિત પાત્રા

શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ દેશના પી. એમ. છે અને પી. એમ. નો સાચો અર્થ પી ફોર પરસેવો અને એમ ફોર મહેનત બતાવીને ચરિતાર્થ કરી બતાવ્યો છે – શ્રી સંબિત પાત્રા

ગુજરાતની જનતા વિકાસની રાજનીતિને ધ્યાને લઈ મતદાન કરશે સૌથી વધુ કમળ સૌથી વધુ લીડ સાથે ગુજરાત વિધાનસભામાં મોકલવાના છે – શ્રી સંબિત પાત્રા

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબેને છેલ્લા ૨૭ વર્ષથી ગુજરાતની જનતાએ આશિર્વાદ આપ્યાં છે – શ્રી સંબિત પાત્રા

કોંગ્રેસ પાસે નથી મહેનત કે નથી પરસેવો. કોંગ્રેસના કોઈ લીડર ચૂંટણી પ્રચારમાં આવ્યાં નથી અને એટલે જ સાબિત થાય છે કે કોંગ્રેસ પાર્ટી ગુજરાતમાં હાર ભાળી ગઈ છે – શ્રી સંબિત પાત્રા

કોંગ્રેસ આ વખતની ચૂંટણીમાં ડબલ ડિઝીટમાં સીટો મેળવે તો પણ ઘણું છે – શ્રી સંબિત પાત્રા

ગુજરાતના સપૂત આજે વિશ્વ કક્ષાએ સ્થાપિત થઈ ગયા છે અને વિશ્વના તમામ રાષ્ટ્રો તેમનું નેતૃત્વ સ્વિકારવા તૈયાર છે અને એટલે તેઓ માત્ર ગુજરાત કે ભારત દેશના નેતા નહીં પરંતુ સમગ્ર વિશ્વના નેતા સાબિત થયાં છે – શ્રી સંબિત પાત્રા

સુરતમાં થયેલ રૂ. ૭૫ લાખના કૌભાંડમાં સંડોવાયેલ શ્રી બી. એમ. સંદિપ અને શ્રી ઉદય ગુર્જર કે જેઓ રાહુલ ગાંધીના અને શ્રી અશોક ગેહલોતના અત્યંત નજીકના માણસો ગણવામાં આવે છે – શ્રી સંબિત પાત્રા

કોંગ્રેસ પાર્ટી આ લોકતંત્રના મહાપર્વમાં સૌથી ઓછી સીટો મેળવવાનો અને ભારતીય જનતા પાર્ટી સૌથી વધુ સીટો મેળવવાનો રેકોર્ડ બનાવવા જઈ રહી છે – શ્રી સંબિત પાત્રા

ગુજરાતની જનતાને ભારતીય જનતા પાર્ટી વતી૧૦૦ ટકા વિકાસ અને ૧૦૦ ટકા મતદાનના મંત્ર સાથે મતદાન કરવા અપીલ કરી હતી – શ્રી સંબિત પાત્રા

શ્રી અરવિંદ કેજરીવાલની માત્ર ફેસબુકમાં જ હવા ચાલે છે ગુજરાતની ધરતી પર તેઓની ક્યાંય હવા ચાલતી નથી – શ્રી સંબિત પાત્રા

શ્રી અરવિંદ કેજરીવાલને સિંગલ ડિઝીટમાં સીટ આપે તો પણ બહુ કહેવાય કારણ કે તેમના મુખ્યમંત્રી પદના ઉમેદવાર સહિત તમામ ઉમેદવારોની

ડિપોઝીટ ગુજરાતની જનતા આંચકી લેવાની છે – શ્રી સંબિત પાત્રા

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મિડીયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, આજરોજ ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય પ્રવક્તા શ્રી સંબિત પાત્રાએ પ્રેસ વાર્તાને સંબોધન કર્યું હતું. હું છેલ્લા થોડા સમયથી ગુજરાતના પ્રવાસે આવ્યો છું અને જુદી જુદી જગ્યા પ્રેસ કોન્ફરન્સ કરવાનો અવસર મળ્યો છે અને આજે અમદાવાદ ખાતે આપ સૌની વચ્ચે પ્રેસ કોન્ફરન્સ કરી રહ્યો છે.

આજે ગુજરાતની ધરતી ઉપર અમદાવાદ શહેરમાં વિકાસ ગાથા માટે પ્રેસ કોન્ફરન્સ કરી રહ્યો છું ત્યારે ખૂબ જ આનંદની લાગણી અનુભવી રહ્યો છું. ગુજરાતના સપૂત અને દેશના યશસ્વી વડાપ્રધાનશ્રીએ સાબરમતી નદી અને આ નદી ઉપર બનાવવામાં આવેલ રીવરફ્રન્ટ જોઈને તેમની મહેનત અને તેમની વિકાસયાત્રાના દર્શન કરવાનો અવસર મેળવી ધન્યતા અનુભવું છે. ગુજરાતના મોઢેરા શહેરમાં બનાવવામાં આવેલ સૌર ઉર્જાના પ્લાન્ટની સમગ્ર વિશ્વમાં ચર્ચા કરવામાં આવે છે અને શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે ખુદ મન કી બાત કાર્યક્રમમાં તેનો ઉલ્લેખ કર્યો હતો. શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ દેશના પી. એમ. છે અને પી. એમ. નો સાચો અર્થ પી ફોર પરસેવો અને એમ ફોર મહેનત બતાવીને ચરિતાર્થ કરી બતાવ્યો છે. દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ દેશના હિતાર્થે અને દેશની જનતાના હિતાર્થે ૨૪ કલાક કાર્યરત રહે છે.

ગુજરાત રાજયમાં આગામી તા. ૧લી ડિસેમ્બર અને તા. ૫મી ડિસેમ્બરે ચૂંટણી યોજાવા જઈ રહી છે ત્યારે તેમાં કોઈ શંકા નથી કે ગુજરાતની જનતા વિકાસની રાજનીતિને ધ્યાને લઈ મતદાન કરશે સૌથી વધુ કમળ સૌથી વધુ લીડ સાથે ગુજરાત વિધાનસભામાં મોકલવાના છે. ગુજરાતની ચૂંટણી ભાજપા અને કોંગ્રેસ વચ્ચે યોજાઈ રહી છે. તેઓ માત્ર ગુજરાત કે ભારત દેશના નેતા નહીં પરંતુ સમગ્ર વિશ્વના નેતા સાબિત થયાં છે. શ્રી સંબિત પાત્રાએ વધુમાં જણાવ્યું હતું કે, આજે સવાર થી ન્યુઝ ચેનલોમાં પી.ઓ.કે. વિશે ચર્ચા ચાલે છે. કોંગ્રેસે ક્યારેય દેશના જવાનો ઉપર વિશ્વાસ નથી કર્યો. દેશના જવાનોએ પોતાની જાતની ચિંતા કર્યા વગર સર્જીકલ સ્ટ્રાઇક કરવામાં આવી હતી ત્યારે આ જ કોંગ્રેસે સાબીતી માંગી હતી. જે લોકો ભારત વિશે ઝહેર ઓકે છે ત્યારે તેઓ કોંગ્રેસ પાર્ટીના છે તેવું જનતા પણ જાણે છે. જ્યાં કોંગ્રેસ ત્યાં ભ્રષ્ટાચાર અને જ્યાં વિકાસ ત્યાં ભાજપા. આજે સુરતમાં થયેલ રૂ. ૭૫ લાખના કૌભાંડમાં સંડોવાયેલ શ્રી બી. એમ. સંદિપ અને શ્રી ઉદય ગુર્જર કે જેઓ રાહુલ ગાંધીના અને શ્રી અશોક ગેહલોતના અત્યંત નજીકના માણસો ગણવામાં આવે છે. ત્યારે કોંગ્રેસ કેટલી બોખલાઇ છે તેનો અંદાજ રાજ્યની જનતા જાણી ચૂકી છે.

શ્રી સંબિત પાત્રાજી એ વધુમાં જણાવ્યું હતું કે, છેલ્લા ૨૨ વર્ષથી ગુજરાતમાં કર્ફ્યુ લગાવવામાં આવ્યો નથી એટલા માટે જ શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબને નમન કરવાનું મન થાય છે. કોંગ્રેસ પાર્ટી આ લોકતંત્રના મહાપર્વમાં સૌથી ઓછી સીટો મેળવવાનો રેકોર્ડ બનાવવા જઈ રહી છે. ગુજરાતની જનતાને ભારતીય જનતા પાર્ટી વતી ૧૦૦ ટકા વિકાસ અને ૧૦૦ ટકા મતદાનના મંત્ર સાથે મતદાન કરવા અપીલ કરી હતી.

શ્રી સંબિત પાત્રાએ પત્રકારોના પ્રશ્નોના જવાબ આપતાં જણાવ્યું હતું કે, શ્રી રાહુલ ગાંધી અને કોંગ્રેસ પાર્ટી તેઓની ગુજરાતમાં હાર નક્કી છે તે જાણી ચૂકી છે અને એટલા માટે જ તેઓ કે તેમના કોઈ રાષ્ટ્રીય નેતાઓ ગુજરાતમાં ચૂંટણી પ્રચાર માટે આવતાં નથી. શ્રી રાહુલ ગાંધીની જ્યાં ચૂંટણી યોજાઈ રહી છે ત્યાં ભારત જોડો યાત્ર જવાની નથી કારણ કે તેઓ જાણે છે યાત્રા ત્યાં લઈ જવાનો કોઈ અર્થ નથી. ગુજરાતની જનતા જાણે છે કે શ્રી અરવિંદ કેજરીવાલની માત્ર ફેસબુકમાં જ હવા ચાલે છે ગુજરાતની ધરતી પર તેઓની ક્યાંય હવા ચાલતી નથી. લોકતંત્રના આ મહાપર્વમાં શ્રી અરવિંદ કેજરીવાલને સિંગલ ડિઝીટમાં સીટ આપે તો પણ બહુ કહેવાય કારણ કે તેમના મુખ્યમંત્રી પદના ઉમેદવાર સહિત તમામ ઉમેદવારોની ડિપોઝીટ ગુજરાતની જનતા આંચકી લેવાની છે.

શ્રી સંબિત પાત્રાની આ પ્રેસ કોન્ફરન્સ દરમ્યાન ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મિડીયા વિભાગનાસહ કન્વીનર શ્રી ઝુબીનભાઈ આશરા, ડૉ. અનિલભાઈ પટેલ અને શ્રી જયરાજસિંહ પરમાર ઉપસ્થિત રહ્યાં હતાં. ડૉ.યજ્ઞેશ દવે

(પ્રદેશ મિડિયા કન્વીનર)

લોક ડાયરા, શ્રીનાથ જી ની ઝાંકી અને જુના ગીતો રજૂ કરવામાં આવશે

શ્રી ગુજરાતી સમાજ ઉદયપુરમાં ગુજરાતના સૌથી લોકપ્રિય કલાકાર આદરણીય રાજુભાઈ ભટ્ટ (જૂનાગઢ) સાથી કલાકારો સાથે ૦૯.૧૨.૨૦૨૨ ના રોજ શુક્રવારે રાત્રે ૮.૩૦ કલાકે ગુજરાતી સમાજના મંગલ હોલમાં કાર્યક્રમ રજૂ કરશે. આ ભવ્ય કાર્યક્રમમાં લોક ડાયરા, શ્રીનાથ જી ની ઝાંકી અને જુના ગીતો રજૂ કરવામાં આવશે. આ કાર્યક્રમને સફળ બનાવવા ગુજરાતી સમાજના પ્રમુખ રાજેશ બી.મહેતા, સેક્રેટરી દિનેશ ભાઈ પટેલ, સિનિયર ઉપપ્રમુખ દિલીપભાઈ સોની, કોષાધ્યક્ષ શ્રી જયેશ ભાઈ જોષી, ઉપપ્રમુખ શ્રી ગીરીશભાઈ પટેલ, ઉપપ્રમુખ નીતિનભાઈ પટેલ, સહસચિવ અતુલભાઈ મકવાણા, સહસચિવ મુકેશ ભાઈ ધ્રુવાડ, સમગ્ર ટ્રસ્ટીગણ, કારોબારી સભ્યો અને મહિલા મંડળ સહયોગ આપશે.

ગાંધીનગર જિલ્લામાંચૂંટણી પ્રક્રિયામાં સામેલ કર્મયોગીઓ માટે તા. ૨૫ થી ૨૮ નવેમ્બર દરમ્યાન પોસ્ટલ બેલેટથી મતદાન યોજાશે

ગાંધીનગર, ગુરૂવારઃ

ગાંધીનગર જિલ્લાના પાંચ વિધાનસભા મતદાર વિભાગમાં તા. ૨૫ થી ૨૮ નવેમ્બર, ૨૦૨૨ સુધી પોસ્ટલ બેલેટથી મતદાન યોજાનાર છે. જે અંતર્ગત ચૂંટણી કામગીરીમાં રોકાયેલા અને જેમણે ૧૨-ડી ફોર્મ ભરીને આપ્યું હોય તેવા કર્મચારીઓ સવારના ૯.૦૦થી સાંજના ૫.૦૦ કલાક દરમ્યાન પંચેય વિધાનસભા મતવિસ્તારમાં નિયત કરેલાં સ્થળોએ પોસ્ટલ બેલેટથી મતદાન કરી શકશે તેમ બેલેટ પેપર, ડમી બેલેટ અને ગેરહાજર મતદારોના નોડલ અધિકારી શ્રી વાય.એસ.ચૌધરીએ જણાવ્યું છે. કોઈ પણ નાગરિક મતદાન કરવાના પોતાના અમૂલ્ય અધિકારથી વંચિત ન રહે તેવું સુચારું આયોજન ચૂંટણી પંચ કરવામાં આવ્યું છે. આ માટે ગુજરાત વિધાનસભાની ચૂંટણી પ્રક્રિયામાં અવિરત કાર્યરત તમામ અધિકારીઓ-કર્મયોગીઓ પણ પોતાના મતદાનના અધિકારનો ઉપયોગ કરી શકે તે માટે પોસ્ટલ બેલેટથી મતદાન કરવાની સુવિધા આપવામાં આવે છે. આવા તમામ અધિકારી-કર્મચારીઓ દ્વારા નિયત નમૂનામાં ફોર્મ ૧૨-ડી મંગાવવામાં આવ્યા હતા. જેના અનુસંધાને ૩૪-દહેગામમાંતા. ૨૫મી નવેમ્બરના રોજ જી.એમ.એન. આર્ટ્સ એન્ડ એમ.બી.પટેલ કોલેજ ઓફ કોમર્સ; ૩૫- ગાંધીનગર (દ)માં તા. ૨૬ અને ૨૭મી નવેમ્બર, ૨૦૨૨ના દરમિયાન સરકારી કોમર્સ કોલેજ, સેક્ટર-૧૫, ગાંધીનગર;ગાંધીનગર (ઉ)માં તા.૨૭મી નવેમ્બરના રોજ ઇ.સી. વિભાગ, બ્લોક નંબર- ૨, સરકારી ઇજનેરી કોલેજ, સેક્ટર- ૨૮, ગાંધીનગર; ૩૭- માણસામાં તા. ૨૮મી નવેમ્બર, ૨૦૨૨ના રોજ એસ.ટી.આર્ટ્સ એન્ડ બી.આર.કોર્મસ કોલેજ, માણસા ખાતે જ્યારે કલોલમાં તા. ૨૬ અને ૨૭મી નવેમ્બર દરમિયાન સ્વામિનારાયણ વિશ્વમંગલગુરૂકૂળ, સઈજ, કલોલ-મહેસાણા હાઈવે, કલોલ ખાતે પોસ્ટલ બેલેટથી મતદાન યોજાશે.

ગુજરાતવિધાનસભાસામાન્યચૂંટણી – ૨૦૨૨ : અમદાવાદજિલ્લો

જિલ્લા સ્વીપનોડલઅન `જિલ્લા શિક્ષણાધિકારી, અમદાવાદ શહેરની અખબાર યાદીમાં જણાવ્યાઅનુસારગુજ રાતવિધાન સભાની સામાન્ય ચૂંટણ ીડિસેમ્બર૨૦૨૨ માં યોજાનારછે. જેમાંતારીખ ૦૫ ડિસેમ્બર, ૨૦૨૨નારોજઅમદાવાદ જિલ્લામાં મતદાન યોજનારછે. વિધાનસભાની સામાન્ય ચૂંટણી દરમિયાન મહત્તમમતદાન થાયતે મજ સમાજ નાદરેક વર્ગોતેમના હક્કનો અચૂક રીતે ઉપયોગ કરે અને નૈતિક મતદાનનેસતત પ્રોત્સાહન મળેતેમાટેઅ `કમેગામેરેથોન દોડન ું આયોજન જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી અમદાવાદ શહેરના નેજા હેઠળ કરવામાં આવેલ છે.

મેરેથોન દોડતા.૨૭/૧૧/ ૨૦૨૨, રવિવારના રોજસવાર૦ ૭.૩૦કલાકે વલ્લભસદન (આ શ્ર મ રા ે ડ)થ ી રિવર ફ્રન્ટરોડથીરિ વરફ્રન્ટપાર્ક માર્ગથી ઈક્મટેક સચાર રસ્તાથીટાઈમ્સ અ ા ે ફ ઈ ન ્ડ ય ા થ ા ઈ વલ્લભસદનપરતફરશે.ઉપરોક્ત કાર્યક્રમમાં અમદાવાદ જિલ્લા ચૂંટણી અધિકારી અનેકલેકટરશ્રીડૉ. ધવલપટેલ ઉપસ્થિત રહેશે. મેગામેરેથોન દોડમાં અંદાજિત૧ ૦,૦૦૦દોડ વીરોભાગલેનારછે. આમતદાન જાગૃતિ મેરેથોનદોડમાંજા `ડાવવાઈચ્છુક ભાઈઓ-બહેનોમાટે જાહેર આમંત્રણછે.

ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી – ૨૦૨૨

૪૭-નરોડા વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ના ચૂંટણી લડતા ઉમેદવારોએ ચૂંટણીલક્ષી ખર્ચના હિસાબોનું નિરીક્ષણ કરાવવા બાબત

ચૂંટણી અધિકારી–૪૭-નરોડાવિધાનસભા મતદાર વિભાગ અને જિલ્લા આયોજન અધિકારી, અમદાવાદની અખબારીયાદીમાં જણાવ્યા અનુસાર વિધાનસભા સામાન્ય ચૂંટણી દરમ્યાન ચૂંટણી લડતા ઉમેદવારો અને તેમના ચૂંટણી એજન્ટો તથા રાજકીય પક્ષો દ્વારા કરવામાં આવતા ચૂંટણી ખર્ચ ઉપર દેખરેખ અને નિયંત્રણ રાખવા સારૂ, ભારતના ચૂંટણી પંચ દ્વારા વિગતવાર સૂચનાઓ આપવામાં આવેલ છે. ચૂંટણી લડતા ઉમેદવારએ તેઓના ચૂંટણીલક્ષી ખર્ચ દૈનિક ધોરણે નિયત નમૂનાના રજીસ્ટરમાં નોંધવાના રહે છે. અને ચૂંટણી અધિકારીશ્રી જે તારીખો નક્કી કરે તે તારીખે રજીસ્ટરમાં નોંધવામાં આવેલ ખર્ચ ના રજીસ્ટરો ચૂંટણી અધિકારીની હિસાબી ટુકડી સમક્ષ નિરીક્ષણ ના હેતુ માટે રજુ કરવાના થાય છે. હિસાબો રજુ કરવાની તારીખો નીચે મુજબ છે. તેમજ ઉમેદવારો ખર્ચના હિસાબોનું નિરીક્ષણ કરાવવા આવે તે નિયમ તારીખો અને સમય તેમજ સ્થળ ખાતે સામાન્ય નાગરિક પણ હાજર રહી શકે છે.

૪૦-સાણંદ વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ના ઉમેદવારોના ચૂંટણી ખર્ચનો હિસાબ ચકાસવા અંગે

ચૂંટણી અધિકારી, ૪૦-સાણંદ વિધાનસભા મતદાર વિભાગ અને મામલતદાર સાણંદની અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર ૪૦-સાણંદ વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ના કામે ચૂંટણી ખર્ચ દેખરેખ પર નિયંત્રણ અંગેની સૂચના સપ્ટેમ્બર-૨૦૨૨ (અંગ્રેજી આવૃત્તિ) ની બુકલેટના પેજ નંબર-૭૨ અને ૭૩ની સૂચના અનુસાર ૪૦-સાણંદ વિધાનસભા મતદાર વિભાગના હરીફ ઉમેદવારો તરીકે ચૂંટણી ખર્ચના હિસાબો નિયત નમૂનાના રજિસ્ટરમાં નિભાવાના થાય છે.

આ માટેની સૂચના ઉમેદવારી ફોર્મ ભરતી વખતે ચૂંટણી ખર્ચના હિસાબો રાખવા માટેનું રજિસ્ટર આપવામાં આવેલ છે. જે મુજબ ઉમેદવારોશ્રીએ ચૂંટણી ખર્ચના હિસાબો રોજબરોજના તારીખવાર નિયત નમૂનાના રજિસ્ટરમાં નિભાવવાના થાય છે. જે હિસાબો માન. ખર્ચ નિરીક્ષકશ્રી મનીષકુમારની સૂચનાનુસાર ૪૦-સાણંદ વિધાનસભા મતદાર વિભાગ દ્વારા નીચેના સમયપત્રકમાં દર્શાવેલ તારીખ, સમય તથા સ્થળે હિસાબોની ચકાસણી કરવામાં આવશે. આથી ઉમેદવાર અથવા ઉમેદવારના અધિકૃત એજન્ટે ખર્ચના રજિસ્ટરો તેમજ તેને સંલગ્ન વાઉચરો, બેંક સ્ટેટમેન્ટ તેમજ અન્ય આનુષાંગિક પુરાવાઓ સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વોશિંગ્ટન, USA ખાતે ૧૫૦ કરોડના ખર્ચે બનેલ દેરાસરની મૂર્તિઓનો કોબા જૈન તીર્થ ખાતે રાષ્ટ્રસંત જૈનાચાર્ય પદ્મસાગરસૂરીશ્વરજીની નિશ્રામાં ભવ્યાતિભવ્ય અંજનશલાકા મહોત્સવ

અમદાવાદ-ગાંધીનગર હાઈવે પરના કોબા ખાતે આવેલા શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર કોબા તીર્થ સ્થાને કલિકાલ કલ્પતરુ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની 'અંજનશલાકા મહામહોત્સવ' કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં સંઘના પરમોપકારી જિનશાસનના પ્રભાવક પુણ્યપુરુષ, પુજ્યપાદ રાષ્ટ્રસંત આચાર્યદેવેશ શ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મહારાજા સહિત સૂરિવરો, પદસ્થો, મુનિવરો તેમજ સાધ્વીજી ભગવંતો ઉપસ્થિતિ રહ્યાં હતાં.

વોશિંગ્ટન,,USA માં ૧૫૦ કરોડનાં ખર્ચે બનાવવામાં આવેલા જિનાલયમાં 'અંજનશલાકા' કરવામાં આવશે. આમ અમદાવાદથી વોશિંગ્ટનેંજીછ ખાસ વ્યવસ્થા દ્વારા ભગવાનની પ્રતિમા મોકલવામાં આવશે. માર્બલમાંથી બનાવવામાં આવેલી ૧૦૦ થી ૭૦૦ કિલોનું વજન ધરાવતી ૨૩ પ્રતિમાને વોશિંગ્ટન મોકલવામાં આવશે. આ કાર્યક્રમમાં ૨૦૦ થી વધુ જૈન શ્રાવક, શ્રાવિકા, જૈન પરિવાર સાથે વિશ્વના અલગ-અલગ દેશમાંથી અમદાવાદમાં આવ્યાં હતાં.

જૈન સોસાયટી ઓફ મેટ્રોપોલિટન વોશિંગ્ટન,USA ની 'પાયાથી શિખર સુધીની' કથા.

જૈન સોસાયટી ઓફ મેટ્રોપોલિટન વોશિંગ્ટન (JSMW) ની સ્થાપના ૧૯૮૦ માં કરવામાં આવી હતી. ૧૯૮૯ માં ૧૭૫ પરિવારો સાથે મળીને એક જૈન દેરાસરનું ઉદ્ઘાચન કર્યુ હતું. આ બાદ સંઘ દ્વારા એક મકાન ખરીદી તેને દેરાસર સાથે નાના જૈન કેન્દ્રમાં ફેરવામાં આવ્યું હતું. આમ છેલ્લા ત્રણ દાયકામાં આ કેન્દ્રમાં ૬૫૦થી વધુ પરિવારોએ સભ્યપદ કરતાં અમેરિકામાં એક મજબૂત અગ્રણી જૈન સમાજ તરીકે વિકશ્યુ હતું. એટલે ,USAમાં વ્હાઈટ હાઉસથી માત્ર ૩૦ કિ.મી.નાં અંતરે આવેલું આ જૈન કેન્દ્ર સમગ્ર વિશ્વમાં જૈનો માટે પ્રતિષ્ઠિત સ્થળ બન્યું છે.

અંજનશલાકા એટલે શું ?

અં- અંત વિનાના

જ - જન્મ મરણાદિ અને

ન - નરક નિગોદાદિ દુઃખોને તેમજ દુઃખપ્રાપક કર્મોને

શ - શતશઃ ખંડન કરી શાશ્વત સુખના સામ્રાજ્યને

લા - લાવી આપનાર અને

કા - કાલાતીત બનાવનાર પાવન પ્રક્રિયા એટલે જ અંજનશલાકા.

ગાંધીનગર જિલ્લાના પાંચ વિધાનસભા મતદાર વિભાગના મતદારો પોતાનું મતદાર યાદીમાં નામ, કયા ભાગમાં, કયા ક્રમ ઉપર અને કયા મતદાન મથકે મતદાન કરવાનું તે ઘરે બેઠા જાણી શકશે : હેલ્પલાઈન નંબર- ૧૯૫૦

ગાંધીનગરઃ સોમવારઃ

ગાંધીનગર જિલ્લાની પાંચ વિધાનસભા મતદાર વિભાગના મતદારો પોતાનું મતદાન યાદીમાં નામ કયાં ભાગમાં, કયા ક્રમ ઉપર નોંધાયેલ છે, તેની માહિતી પોતાના ઘરે બેઠા સરળતાથી મેળવી શકે તે માટે હેલ્પલાઈન નંબર- ૧૯૫૦ કાર્યરત છે.

ગાંધીનગર જિલ્લાની પાંચ વિધાનસભા મતદાર વિભાગમાં કુલ- ૧૩,૨૫,૬૦૪ મતદારો છે. જેમાં દહેગામમાં ૨,૨૦,૬૮૭, ગાંધીનગર(દ)માં ૩,૭૧,૫૯૮, ગાંધીનગર(ઉ)માં ૨,૫૩,૬૮૮, માણસામાં ૨,૩૦,૮૪૭ અને કલોલમાં ૨,૪૮,૭૮૪ મતદારો પોતાની વિધાનસભા મતદાર વિભાગના ઉમેદવારોનું ભાવિ નક્કી કરશે.

મતદારોને મતદાન કરવામાં સરળતા રહે તે માટે ચૂંટણી પંચ દ્વારા મતદારોની સુવિધામાં હેલ્પલાઈન ટેલીફોન નંબર, વેબસાઈડ અને એપ્લીકેશન તૈયાર કરવામાં આવી છે. આ તમામ પરથી મતદારો પોતાનું મતદારા યાદીમાં નામ કયાં ભાગ નંબરમાં, કયા ક્રમ ઉપર નોંધાયેલ છે. કયા મતદાન મથક પર મતદાન કરવા જવાનું છે તે અંગેની માહિતી મતદારો સરળતાથી મેળવી શકે તેવા ઉમદા હેતુથી રાજય કક્ષાએ ગાંધીનગર ખાતે હેલ્પલાઈન ટેલીફોન નંબર- ૧૯૫૦ કાર્યરત છે. આ હેલ્પલાઈન પરથી મતદારો પોતાની માહિતી કામકાજના દિવસ દરમ્યાન સવારના ૧૧.૦૦ થી

સાંજના ૬.૦૦ કલાક સુધી મેળવી શકશે.

આ ઉપરાંત મતદાર યાદીમાં આપનું નામ શોધવા માટે ભારતના ચૂંટણી પંચની વેબસાઈડ https:/www.nvsp.in તથા Voter Helpline એપ્લીકેશન ઉપરથી મતદારોને માહિતી મેળવી શકશે.

તેની સાથે ગાંધીનગર જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ એક્ષ્પેન્ડીચર મોનીટરીંગ સેલ શરૂ કરવામાં આવ્યો છે. જે રાઉન્ડ ધ કલોક ચાલુ રહેશે. આ હેલ્પલાઈન નંબર – ૧૮૦૦-૨૩૩-૨૩૪૫ નંબર છે. જેના પર ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન આચારસંહિતા ભંગને લગતી કોઈપણ પ્રકારની ફરિયાદ નોંધાવી શકાશે. તેમજ પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગરની કચેરી ખાતે કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવ્યો છે. આ ટોલ ફ્રી નંબર – ૦૭૯ ૨૩૨ ૧૦૧૦૮ છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.